RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 20-07-2026 I VOL : 12 I Issue : 125 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

**સુવિચાર**

આજે કરેલી મહેનત આવતીકાલનું ભવિષ્ય બનાવે છે. વિશ્વાસ જ સફળતાની પ્રથમ સીડી છે.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3




નાદોદી ભાગોળથી તિલકવાડા રોડ સુધી વરસાદી કાસના નામે લાખો રૂપિયાનું આંધણ!

4



'શ્રીકાંત'ને રાષ્ટ્રીય ગૌરવ; ભાવુક થયા તુષાર હીરાનંદાની અને...

6



માતા બન્યા પછી સમીરા રેડ્ડીની પતિની એક સલાહે આખી લાઈફ બદલી...

7



સિંધુએ રચ્યો ઇતિહાસ, જાપાન ઓપન જીતનારી પ્રથમ ભારતીય

## એક નજર...

### બ્લેક આઉટફીટમાં શ્વેતા તિવારીએ કેમેરા સામે આપ્યા કિલર પોઝ



પ્રખ્યાત ટીવી અભિનેત્રી શ્વેતા તિવારીની સુંદરતા અને ફિટનેસને જોઈને તેની ઉંમરનો અંદાજ લગાવવો ખૂબ જ મુશ્કેલ છે. 45 વર્ષની ઉંમરે પણ અભિનેત્રી એકદમ યુવાન દેખાય છે.અભિનેત્રી સતત તેના સિઝલિંગ ફોટોશૂટથી લોકોના હોશ ઉડાવી રહી છે. હવે ફરી એકવાર શ્વેતાએ એટલી હોટ સ્ટાઈલ બતાવી છે કે કોઈ કહી શકે નહીં કે તે 45 વર્ષની છે અને 2 બાળકોની માતા છે.

## NEWS TRACK

### મિડલ ઈસ્ટમાં મહાયુદ્ધના ભણકારા! અમેરિકાના 50000 સૈનિકો હાઈ એલર્ટ પર

મધ્ય પૂર્વમાં તણાવ સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયો છે. જૉર્ડનમાં અમેરિકન સૈન્ય બેઝ પર થયેલા હુમલામાં 2 જવાનોના મોત બાદ અમેરિકાએ મોટી જવાબી કાર્યવાહી શરૂ કરી છે. અમેરિકન સેનાએ ઈરાન વિરૂદ્ધ સતત 8મી રાત્રે પણ ભીષણ બોમ્બમારો કર્યો છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) ના જણાવ્યા અનુસાર, આ ચોક્કસ હુમલામાં ઈરાનની એર ડિફેન્સ સિસ્ટમ, રડાર અને મિસાઈલ-ડ્રોન સ્ટોરેજ સાઈટોને ભારે નુકસાન થયું છે. સુરક્ષા નિષ્ણાતોના મતે અમેરિકા હવે મોટા પાયે સૈન્ય અભિયાનની તૈયારી કરી રહ્યું છે. અહેવાલો મુજબ, આ વિસ્તારમાં તૈનાત 50,000થી વધુ અમેરિકન સૈનિકોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. સૈન્ય ક્ષમતા મજબૂત કરવા માટે જર્મનીથી F-16 અને બ્રિટનથી અત્યાધુનિક F-35 સ્ટેલ્થ ફાઈટર જેટ્સ ઈઝરાયેલ અને અન્ય મિત્ર દેશોના સૈન્ય બેઝ પર મોકલવામાં આવી રહ્યા છે. અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટે દુનિયાભરમાં રહેતા પોતાના નાગરિકો માટે સુરક્ષા એલર્ટ જાહેર કર્યું છે.

### તુલસી ગબાર્ડના ભાઈની ધરપકડ: લાલચ આપીને સગીર બાળકોને હોટલ રૂમમાં બોલાવવાનો આરોપ

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રીય ગુપ્તચર નિયામક (National Intelligence Director) તુલસી ગબાર્ડના મોટા ભાઈ બટાર્ટી ગબાર્ડ પર બાળકોને હોટલના રૂમમાં બોલાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લાગ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, તેમણે બાળકોને પૈસા અને ચ્યુઇંગમની લાલચ આપી હતી. આ મામલામાં તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો છે. હોનોલુલુ પોલીસે તેમની સામે બાળકોને હોટલના રૂમમાં બોલાવવાના કથિત પ્રયાસના મામલામાં સેકન્ડ-ડિગ્રી કસ્ટોડિયલ ઈન્ટરફેરન્સનો ગુનો દાખલ કર્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના 12 જુલાઈના રોજ બપોરે આશરે 2 વાગ્યે હવાઈના વાઈકિકી સ્થિત એક હોટલના સ્વિમિંગ પૂલ વિસ્તારમાં બની હતી. આરોપ છે કે, 55 વર્ષીય બટાર્ટી ગબાર્ડે ત્યાં હાજર ઘણા બાળકો સાથે વાતચીત શરૂ કરી હતી. તેમણે બાળકોના નામ પૂછ્યા, તેમને પોતાની નોટબુકમાં લખ્યા અને પછી કથિત રીતે ચ્યુઇંગમ અને પૈસા આપવાની લાલચ આપીને પોતાના હોટલના રૂમમાં આવવા કહ્યું.

### આજે વંદે માતરમને લગતું એક બિલ રજૂ કરવામાં આવશે

# ચોમાસું સત્ર પહેલા 3 કલાક 40 પાર્ટીઓની સર્વપક્ષીય બેઠક

### TMCના 20 બળવાખોર સાંસદોને સામેલ કરતાં કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ટીએમસી, ડીએમકે સહિત 40 પક્ષોના નેતાઓએ વિરોધ કર્યો

નવી દિલ્હી



**રિજિજુએ કહ્યું- સૌએ પોતાના વિચારો રજૂ કર્યા**

મોનસૂન સત્રના એક દિવસ પહેલા રવિવારે સંસદ ભવનની એનેક્સી બિલ્ડિંગમાં સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી. 3 કલાક ચાલેલી બેઠકની અધ્યક્ષતા રાજનાથ સિંહે કરી હતી. બેઠકમાં કોંગ્રેસ, સપા, ટીએમસી, ડીએમકે સહિત 40 પક્ષોના નેતાઓ હાજર રહ્યા હતા. જોકે, બેઠક દરમિયાન વિપક્ષે સાંકેતિક વોકઆઉટ કર્યો હતો. વિપક્ષનો આરોપ છે કે સરકારે ટીએમસીના બળવાખોર 20 સાંસદોના જૂથને બેઠકમાં શા માટે બોલાવ્યા, જ્યારે સ્પીકર ઓમ બિરલાએ તેમના જૂથને હજુ સુધી માન્યતા આપી નથી. બીજી તરફ, સંસદીય કાર્યમંત્રી કિરણ રિજિજુએ બેઠક બાદ કહ્યું કે, બેઠકમાં સારી ચર્ચા થઈ. બધાએ પોતાની વાત રજૂ કરી. ગૃહ કોઈપણ અવરોધ વિના ચાલે તે આપણા બધાની જવાબદારી છે. સંસદનું ચોમાસુ સત્ર 20 જુલાઈથી શરૂ થઈને 13 ઓગસ્ટ સુધી ચાલશે. આ દરમિયાન 19 બેઠકો યોજાશે. સોમવારે અમિત શાહ રાજ્યસભામાં વંદે માતરમ સંબંધિત બિલ રજૂ કરશે. ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ કહ્યું કે કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડીએમકે, જેએમએમ, આમ આદમી પાર્ટી, નેશનલ કોન્ફરન્સ, ડાબેરી પક્ષો અને શિવસેના (યુબીટી) સહિત સમગ્ર વિપક્ષે સર્વપક્ષીય બેઠકનો વોકઆઉટ કર્યો છે.

તેમણે કહ્યું કે ટેબલ ઓફિસની યાદીમાં અખિલ ભારતીય તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સભ્યોની સંખ્યા 28 દર્શાવવામાં આવી છે, જ્યારે NCPI નામની બિન-માન્યતા પ્રાપ્ત પાર્ટીના 20 બળવાખોર સાંસદોના વિલિનીકરણને સ્પીકરે મંજૂરી આપી નથી અને તેમની ગેરલાયકાતની અરજીઓ હજુ પેન્ડિંગ છે.

### મધ્ય પ્રદેશમાં લાગુ થશે યુનિફોર્મ સિવિલ કોડ, કેબિનેટની મહોર



ભોપાલ

મધ્ય પ્રદેશમાં 'એક દેશ, એક કાયદો' ની દિશામાં રવિવારે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવની અધ્યક્ષતામાં ભોપાલના બહારના વિસ્તાર જગદીશપુરમાં મંત્રી પરિષદની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સમાન નાગરિક સંહિતા (UCC) અધિનિયમ 2026ના મુસદ્દાને સર્વસંમતિથી મંજૂરી આપવામાં આવી છે. કેબિનેટમાંથી લીલી ઝંડી મળ્યા બાદ હવે આ વિધેયકને આવતીકાલે એટલે કે, 20 જુલાઈથી શરૂ થઈ રહેલા મધ્ય પ્રદેશ વિધાનસભાના ચોમાસુ સત્રમાં રજૂ કરવામાં આવશે. કેબિનેટ બેઠક બાદ આ નિર્ણયની જાહેરાત કરતા મુખ્યમંત્રી મોહન યાદવે જણાવ્યું કે, તમામ મંત્રીઓએ પ્રસ્તાવિત કાયદાનું જોરદાર સમર્થન કર્યું છે. તેમણે કહ્યું, 'આજે મધ્ય પ્રદેશ કેબિનેટે પૂરા દિલથી અને સર્વસંમતિથી સમાન નાગરિક સંહિતા વિધેયક, 2026ને મંજૂરી આપી દીધી છે.

## જમ્મુના પુંછ અને કિશ્તવાડમાં વાદળ ફાટ્યું: 11 લોકોનાં મોત

### 50 વાહનો પાણીમાં તણાયા; અમરનાથ-વૈષ્ણોદેવી યાત્રા રોકવામાં આવી



શ્રીનગર

જમ્મુ-કાશ્મીરના પૂંછ અને કિશ્તવાડમાં શનિવારે રાત્રે વાદળ ફાટ્યું. પૂર-ભૂસ્ખલનમાં અત્યાર સુધીમાં 11 લોકોના મોત થયા છે.

પૂંછના સુરનકોટમાં ભૂસ્ખલનને કારણે એક મકાન કાટમાળ નીચે દબાઈ ગયું. તે સમયે ઘરમાં 8 લોકો હતા. જેમાં 2 વર્ષના સોફિયાન યાસીર સહિત 5 લોકોના મૃતદેહ મળી આવ્યા છે. જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં શનિવારે મોડી રાત્રે 3 વાગ્યે ભારે વરસાદ બાદ પુર આવ્યું. જેના કારણે ધારહાલ નદી છલકાઈ ગઈ અને ન્યૂ બસ સ્ટેન્ડ બેલા વિસ્તારમાં પાણી ભરાઈ ગયું. લગભગ 200 થી 250 વાહનો તણાઈ ગયા. કિશ્તવાડ જિલ્લાના દચ્છન વિસ્તારના સુરનુમાં વાદળ ફાટવાની ઘટનાને કારણે મકાનો અને ખેતીલાયક જમીનને નુકસાન થયું છે. દેશમાં ચોમાસું બીજી વાર એક્ટિવ થવાથી દિલ્હી, પંજાબ, હરિયાણા, જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ, હિમાચલ, ઉત્તર પ્રદેશ, બિહાર, સિક્કિમ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદ ચાલુ છે. રવિવારે પણ ઉત્તરાખંડ અને સિક્કિમ, બંગાળ માટે ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# કરજણમાં સત્તાના નશામાં ચૂર નેતાગીરી સામે જનઆક્રોશનો જ્વાળામુખી: કૌભાંડી જયદીપસિંહ ચૌહાણને ઘરભેગા કરવા રણશિંગું ફૂંકાયું!

## શું ભાજપ કોઈ વોશિંગ મશીન છે? હજારો પરિવારોના ઘરમાં અંધારું કરનારા નેતાને મેન્ડેટ આપ્યો, તો કરજણમાંથી કમળ સાફ કરી નાખશે જાગૃત જનતા!

ખાસ પ્રતિનિધિ, કરજણ/વડોદરા:

વડોદરા જિલ્લા ભાજપ અને કરજણ તાલુકાના રાજકારણમાં અત્યારે એક મોટો વિસ્ફોટ થયો છે. સત્તાના નશામાં ચૂર નેતાઓની કથની અને કરણી વચ્ચેનો તફાવત જ્યારે ગરીબોના મોંમાંથી કોળિયો છીનવી લે છે, ત્યારે કેવો ભયાનક જનઆક્રોશ ફાટી નીકળે છે તેનો જીવતો-જાગતો પુરાવો કરજણનું બામણ ગામ પૂરું પાડી રહ્યું છે. હાઈવે નંબર 48 પર પોર પાસે આવેલી મોર્ડન કંપની રાતોરાત બંધ થવા પાછળ કયું કાળું રહસ્ય છુપાયેલું છે અને તેમાં વડોદરા જિલ્લા ભાજપના મહામંત્રી તેમજ કરજણ એપીએમસીના ચેરમેન જયદીપસિંહ ચૌહાણે કેવો ખેલ પાડ્યો છે, તેની સનસનાટીપૂર્ણ વિગતો હવે ચોરે ને ચૌટે ચર્ચાઈ રહી છે.

### મોર્ડન કંપનીનું પતન: હજારો પરિવારોના ઘરમાં અંધારું, નેતાજીના બંગલે લક્ષ્મીજીની મહેરબાની!

સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, પોર પાસે આવેલી મોર્ડન કંપની જ્યારે ધમધમતી હતી ત્યારે તે કરજણ તાલુકાના અને ખાસ કરીને બામણ ગામના સેંકડો સ્થાનિક યુવાનો માટે રોજીરોટીનો મુખ્ય આધાર હતી. આ જ કંપનીમાં જયદીપસિંહ ચૌહાણ એચ.આર. મેનેજર જેવા જવાબદાર પદ પર બેઠા હતા. સ્થાનિકોનો સીધો અને ગંભીર આક્ષેપ છે કે, પોતાના જ ગામના દીકરાઓના હિતોનું રક્ષણ કરવાને બદલે, સત્તા અને હોદ્દાની વગ વાપરીને કંપનીને પદ્ધતિસર તાળાં મરાવી દેવાનું પાપ કરવામાં આવ્યું.

કંપની બંધ થવાની આડમાં અંદરખાને કરોડો રૂપિયાની કિંમતી મશીનરી અને સ્ક્રેપ એટલે કે ભંગાર ગેરકાયદેસર રીતે વેચી મારવાનું એક બહુ મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપોથી આખું કરજણ ગુંજી રહ્યું છે. પરિણામ એ આવ્યું કે હજારો ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના દીકરાઓ રાતોરાત રસ્તા પર આવી ગયા અને તેમના ઘરમાં ચૂલા સળગવા પણ મુશ્કેલ બની ગયા. બીજી તરફ, કંપની ભલે ડૂબી ગઈ પણ



**જયદીપસિંહ વિજયસિંહ ચૌહાણ**
મૂળ વતની બામણ ગામ

એચ.આર. મેનેજર તરીકે જયદીપસિંહ ચૌહાણ રાતોરાત અબજોપતિઓની યાદીમાં સામેલ થઈ ગયા. પોતાના જ ગામના યુવાનો સાથે થયેલા આ ભયાનક દગાના કારણે અગાઉ પણ આક્રોશિત ગ્રામજનોએ નેતાજીના ઘરની બહાર અને જાહેર રસ્તાઓ પર ઉગ્ર હોબાળો મચાવી, જયદીપસિંહ વિરુદ્ધ ભારે સૂત્રોચ્ચાર કરીને પોતાનો રોષ ઠાલવ્યો હતો.

### ભાજપનું 'વોશિંગ મશીન' અને બેવડા હોદ્દાની જોહુકમી

કરજણ તાલુકાની જનતા હવે સીધા ભાજપના pradesh નેતૃત્વની આખમાં આંખ પરોવીને સવાલો પૂછી રહી છે. ભાજપના મોટા નેતાઓ સ્ટેજ પરથી 'એક વ્યક્તિ, એક પદ'ના શિસ્તના ગમે તેટલા ગપ્પાં મારે, પણ જયદીપસિંહ ચૌહાણના કિસ્સામાં આ નિયમોના સરેઆમ લીરેલીરા ઉડાડવામાં આવ્યા છે. શું શિસ્તની આ વાતો માત્ર કાગળ પર જ છે? શું એપીએમસીની ચૂંટણીમાં આ નીતિ લાગુ પડતી નથી?

હાલમાં તેમની પાસે સત્તાના બબ્બે પાવર છે:

1. વડોદરા જિલ્લા ભાજપ સંગઠનના મહામંત્રી
2. કરજણ એપીએમસીના વર્તમાન ચેરમેન

જનતા ખુલ્લેઆમ પૂછી રહી છે કે, શું કોંગ્રેસમાંથી બીજેપીમાં આવી જાઓ એટલે કૌભાંડો કરવાનું સત્તાવાર લાઈસન્સ મળી જાય છે? શું ભાજપ કોઈ વોશિંગ મશીન છે જેમાં જોડાતા જ નેતાના બધા જ કાળા કારનામા ધોવાઈ જાય છે? શું વડોદરા ભાજપ પાસે કોઈ એક પણ સ્વચ્છ, પ્રમાણિક અને લોકપ્રિય ચહેરો નથી બચ્યો કે વારંવાર પ્રજાના રોષનો ભોગ બનેલા અને વિવાદાસ્પદ નેતાઓને જ મહત્વની ખુરશીઓ પધરાવવામાં આવે છે? સત્તાના આ નશામાં ચાલતી હિટલરશાહી પાછળ કયા મોટા આકા અને વગદાર રાજકીય નેતાનો હાથ છુપાયેલો છે?

### ધરતીપુત્રોની લાલ આંખ: 'ખેડૂત પુત્રને મેન્ડેટ આપો, નહીંતર કરજણમાંથી કમળ સાફ!'

હાલમાં કરજણ એપીએમસીની ચૂંટણીનો માહોલ ચરમસીમાએ પહોંચ્યો છે. કરોડોના ભંગાર ચોરીના ગંભીર આક્ષેપો હોવા છતાં જયદીપસિંહ ચૌહાણે ફરી એકવાર ચેરમેન પદ માટે પોતાની દાવેદારી ઠોકી દેતા જ ખેડૂતોનો પિત્તો ગયો છે. કરજણ તાલુકાના ભોળા ખેડૂતો સાથે વર્ષોથી અન્યાય થતો આવ્યો છે, પણ આ વખતે ખરાખરીનો જંગ જામવાનો છે. ખેડૂતોની સંસ્થા ગણાતી એપીએમસીમાં કોઈ વેપારી માનસિકતાવાળા કે કંપનીના ભંગાર ચોરની દાવેદારી ખેડૂતો સહેજ પણ સહન કરવાના મૂડમાં નથી. આ લડાઈ હવે જયદીપ ચૌહાણ વિરુદ્ધ એક સાચા ખેડૂત પુત્ર વચ્ચેની આરપારની જંગ બની ગઈ છે.

કરજણ તાલુકાના તમામ નાના-મોટા ખેડૂતોએ એક થઈને ભાજપ હાઈકમાન્ડને આખરી અલ્ટીમેટમ આપી દીધું છે કે, એપીએમસીની ચૂંટણીમાં કરજણઉકાના કોઈ દાગદાર કે વિવાદાસ્પદ ઉમેદવારને મેન્ડેટ આપવાની ભૂલ કરવાના બદલે માત્ર અને માત્ર સાચા, ધરતીપુત્ર અને સ્વચ્છ છબી ધરાવતા ખેડૂતને જ મેન્ડેટ આપવામાં આવે. જો ભાજપે સત્તાના અહંકારમાં આવીને ખેડૂતોની આ ન્યાયી માંગણી ફગાવી દીધી અને ફરીથી કોઈ કૌભાંડી નેતા પર પસંદગીનો કળશ ઢોળ્યો, તો આગામી ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં કરજણ-સિનોર બેઠક પર ભાજપને ધૂળ ચટાડી દેવાની અને તેનો સદંતર બહિષ્કાર કરવાની ખેડૂતોએ ખુલ્લી ચીમકી આપી છે.

### 'પાક્કો ગુજરાત'નો આખરી સૂર: જનતા હવે હિસાબ માંગે છે!

બીજેપી કરજણ વિધાનસભાના લોકોને આખરે શું મેસેજ આપવા માંગે છે? શું અન્નદાતા ખેડૂતોની સત્તાધારી પક્ષની નજરમાં કોઈ અહમિયત જ નથી રહી? ભાષણોમાં શિસ્તની duhai આપતી પાર્ટી આવી ગંભીર ગેરરીતિઓ સામે કેમ મૌન છે? કરોડો રૂપિયાની અવાસ્તવિક બેનામી મિલકતો બનાવીને બેઠેલા આવા નેતાઓના લીધે જ આજે પાયાના કાર્યકરો અને જનતામાં ભાજપની છબી ખરડાઈ રહી છે.

પ્રજા હવે નેતાઓની ગુલામ કે ગાડરિયો પ્રવાહ નથી રહી. સત્તાના જોરે હજારો યુવાનોના પેટ પર લાત મારનારા અને પોતાના જ ગામના લોકો સાથે ગદ્દારી કરનારા નેતાઓને ઘરભેગા કરવા માટે કરજણની જનતાએ રણશિંગું ફૂંકી દીધું છે. હવે જોવાનું એ રહેશે કે ભાજપ સંગઠન સમયસર જાગીને કોઈ સ્વચ્છ ઉમેદવારને મેન્ડેટ આપે છે કે પછી પોતાના જ લાડકા કૌભાંડી નેતાના મોહમાં ડૂબીને કરજણ પંથકમાંથી ભાજપનું અસ્તિત્વ ભૂંસી નાખવાનું મોટું રાજકીય નુકસાન વહોરે છે! પ્રજાનો આક્રોશ ચરમસીમાએ છે અને જનતા હવે વ્યાજ સાથે હિસાબ માંગવા તૈયાર છે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## વડોદરામાં ફાયર બ્રિગેડના વાહનોના ખર્ચ વધતા એજન્સીના માથે ઠીકરું ફોડ્યું...!

સુરત

સરકારી વાહનોની જાળવણી અને વધતા મેન્ટેનન્સ ખર્ચનો મુદ્દો ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. સરકારી વિભાગોમાં અનેક વાહનો ઉપયોગ વગર ધૂળ ખાતા રહે છે, તો કેટલાક વાહનો વારંવાર રીપેરિંગ માટે ગેરેજમાં મોકલવામાં આવી રહ્યા છે. વાહનોના યોગ્ય પાર્કિંગ અને સમયસર જાળવણીના અભાવે પણ સરકારી વાહનો સમય પહેલાં જ ખખડધજ બની જતા હવે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને ફાયર વિભાગ માટે ડ્રાઈવર પૂરા પાડતી અલ્ટ્રા મોડલ એજન્સીને નોટિસ પાઠવી છે.

કોર્પોરેશને નોટિસમાં જણાવ્યું છે કે એજન્સીના ડ્રાઈવરો દ્વારા ફાયર વિભાગની એમ્બ્યુલન્સ, ટેન્કર સહિતના વાહનો ચલાવવામાં બેદરકારી દાખવવામાં આવી રહી છે. જેના કારણે ગિયર સિસ્ટમ, ક્લચ પ્લેટ અને બ્રેક લાઈનર જેવા મહત્વના પાર્ટ્સને નુકસાન પહોંચે છે અને મેન્ટેનન્સ ખર્ચમાં વધારો થાય છે. નોટિસમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ડ્રાઈવરોની નિમણૂક પહેલાં એચએમવી ડ્રાઈવિંગ ટેસ્ટની યોગ્ય ચકાસણી કરવામાં આવી હતી કે નહીં તે અંગે પણ સ્પષ્ટતા કરવા જણાવાયું છે. ઉપરાંત કોન્ટ્રાક્ટ ડ્રાઈવરો અવારનવાર રજા પર ઉતરી જતા ઈમરજન્સી સેવાઓમાં પણ વિક્ષેપ સર્જાતો હોવાનું જણાવાયું છે. કોર્પોરેશને એજન્સીને ત્રણ દિવસમાં પુરાવા સાથે લેખિત ખુલાસો રજૂ કરવાનો આદેશ આપ્યો છે.

## વડોદરામાં ભીનો-સૂકો કચરો અલગ કરવાનો નિયમ, પરંતુ અમલમાં ખામીઓ

વડોદરા

અગાઉ અનેક વખત સૂચના આપવામાં આવી હોવા છતાં શહેરના કેટલાક નાગરિકો હજુ પણ ભીનો અને સૂકો કચરો અલગ કરવામાં બેદરકારી દાખવી રહ્યા છે. તો કેટલાક કિસ્સામાં નાગરિકો અલગ-અલગ કચરો આપતા હોવા છતાં ડોર ટુ ડોર કલેક્શનના કેટલાક કર્મચારીઓ જ બંને પ્રકારના કચરાને એક જ ગાડીમાં ભેગો કરી દેતા હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. જેના કારણે કચરાના યોગ્ય નિકાલ અને રિસાયક્લિંગની પ્રક્રિયા પર અસર પડી રહી છે. ભારત સરકારના પર્યાવરણ અને જલવાયુ પરિવર્તન મંત્રાલયના ગેઝેટ નોટિફિકેશન અનુસાર વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને નાગરિકોને જાણ કરી છે કે 1 એપ્રિલથી અમલમાં આવેલા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-2026 મુજબ દરેક નાગરિક, વેપારી, સંસ્થા અને ઉદ્યોગ માટે કચરાનું ઉત્પત્તિ સ્થળે જ વર્ગીકરણ કરવું ફરજિયાત છે. વીએમસી દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ભીનો, સૂકો, સેનેટરી અને જોખમી કચરો અલગ કરીને જ ડોર ટુ ડોર કલેક્શન સ્ટાફને આપવો રહેશે. મિશ્ર કચરો આપનાર સામે નિયમ મુજબ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. ઉપરાંત મોટા પ્રમાણમાં કચરો ઉત્પન્ન કરતા બલ્ક વેસ્ટ જનરેટર્સે પોતાના સ્તરે જ કચરાનું સંચાલન કરવું ફરજિયાત રહેશે. જાહેર સ્થળોએ કચરો ફેંકવો પણ કાયદેસર ગુનો ગણાશે અને નિયમોનું પાલન નહીં કરનાર વ્યક્તિ કે સંસ્થા સામે દંડ વસૂલવામાં આવશે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરના વિવિધ વિસ્તારોમાં ભીનો અને સૂકો કચરો અલગ એકત્ર કરવા માટે લીલા અને ભૂરા રંગના મોટા પ્લાસ્ટિક ડસ્ટબીન મૂક્યા હતા. હાલમાં મોટાભાગના વિસ્તારોમાંથી આ ડસ્ટબીન ગાયબ થઈ ગયા છે અથવા તૂટી ગયેલી હાલતમાં છે. પરિણામે લોકો સંપૂર્ણપણે ડોર ટુ ડોર કચરા સંગ્રહ સેવા પર નિર્ભર બન્યા છે.

## કાલાવડ નજીક ખંઢેરા ગામે કેનાલ કાંઠે તીનપત્તીનો જુગાર રમતાં સાત શખ્સો ઝડપાયા

જામનગર

કાલાવડ ગ્રામ્ય પોલીસે ખંઢેરા ગામની સીમમાં કેનાલ કાંઠે જાહેરમાં તીનપત્તી (રોન પોલીસ) નો જુગાર રમતા સાત શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી કુલ રૂ. 16,200ની રોકડ રકમ તથા ગંજીપત્તાના પાના કબજે કરી તમામ સામે ગુજરાત જુગારધારા કલમ 12 હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદ મુજબ પોલીસ કોન્સ્ટેબલ ભયપાલસિંહ મંગળસિંહ જાડેજા તથા પોલીસ સ્ટાફ પ્રોહિબિશન અને જુગાર અંગે પેટ્રોલિંગમાં હતા ત્યારે ખાનગી બાતમીના આધારે ખંઢેરા ગામની કારા છીપરા સીમમાં સુખદેવસિંહ દિલીપસિંહ જાડેજાની વાડી નજીક કેનાલના કાંઠે ઝાડ નીચે જાહેરમાં કેટલાક ઈસમો ગોળ કુંડાળું વળી ગંજીપત્તાના પાનાથી પૈસાની હારજીતનો તીનપત્તી (રોન પોલીસ) જુગાર રમતા હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ પંચોને સાથે રાખી પોલીસે દરોડો પાડતાં સાતેય શખ્સો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. પોલીસે જયસુખભાઈ રતનગીરી ગોસ્વામી, સલીમભાઈ ઈસ્માઈલભાઈ ખીરા, પ્રવિણસિંહ પ્રતાપસિંહ જાડેજા, રાજુભાઈ લીંબાભાઈ અજાણ, ચંદ્રકાંતભાઈ લાભશંકરભાઈ જોષી, કુલદીપસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા અને હીતેન્દ્રસિંહ મહોબતસિંહ જાડેજાની અટકાયત કરી લઈ તમામ પાસેથી કુલ રૂ. 16,200ની રોકડ રકમ અને ગંજીપત્તાના પાના કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સ્પાની આડમાં દેહવ્યાપાર ચલાવતી મહિલાને 'પાસા' હેઠળ ભુજ જેલમાં ધકેલાઈ

ભાવનગર

ભાવનગર શહેરમાં સ્પાની આડમાં અનૈતિક દેહવ્યાપાર ચલાવતી એક મહિલા વિરૂદ્ધ પોલીસે કડક કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. ભાવનગરમાં સ્પાની આડમાં અનૈતિક દેહવ્યાપાર ચલાવતી 37 વર્ષીય શબાનાબેન ફારૂકભાઈ થીમ વિરુદ્ધ કલેક્ટરે પાસા વોરંટ ઈસ્યુ કર્યું. લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને નીલમબાગ પોલીસ સ્ટેશન દ્વારા અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ઈસમો વિરૂદ્ધ પાસા હેઠળ અટકાયત કરવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.આ ઝુંબેશ અંતર્ગત નીલમબાગ પોલીસે સ્પાની આડમાં કુટણખાનું ચલાવતી મહિલા વિરૂદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલી આપી હતી. જિલ્લા કલેક્ટરે આ દરખાસ્તને મંજૂરી આપી પાસા વોરંટ ઈસ્યુ કર્યું હતું.વોરંટના આધારે નીલમબાગ પોલીસે ભાવનગરના કુંભારવાડા (હાલ શિવધારા સોસાયટી) વિસ્તારમાં રહેતી ૩૭ વર્ષીય મહિલા શબાનાબેન ફારૂકભાઈ થીમની અટકાયત કરી છે. પાસા વોરંટની બજવણી કરીને આ મહિલાને ખાસ જેલ, ભુજ ખાતે મોકલી આપવામાં આવી છે. પોલીસની આ કડક કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### મોંઘવારીનો પ્રચંડ વિસ્ફોટ

# અદાણી ગેસે ઝીંક્યો કમરતોડ ભાવવધારો, ગુજરાતમાં CNG પ્રતિ કિલો રૂપિયા 90ને પાર!




### સામાન્ય જનતાના ગજવા પર અદાણીનો આકરો પ્રહાર: રિક્ષાચાલકો અને મધ્યમ વર્ગનું બજેટ ખોરવાયું, 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો સણસણતો સવાલ – જનતા ક્યાં સુધી પીસાતી રહેશે?

અમદાવાદ

ગુજરાતની જનતા પર મોંઘવારીનો વધુ એક મોટો અને કમરતોડ કોરડો ઝીંકાયો છે. મધ્યમ વર્ગ અને વાહનચાલકોના ખિસ્સા ખાલી કરવા માટે અદાણી ગેસ (Adani Total Gas) દ્વારા સીએનજી (CNG) ના ભાવમાં રાતોરાત તોતિંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. આ નવા ઝટકા સાથે જ હવે ગુજરાતના અનેક શહેરોમાં CNGનો ભાવ પ્રતિ કિલો 90ની ઐતિહાસિક સપાટીને પાર પહોંચી ગયો છે. પેટ્રોલ-ડીઝલના મોંઘા ભાવથી બચવા માટે જે જનતાએ લાખો રૂપિયા ખર્ચીને ગાડીઓમાં સીએનજી કીટ નંખાવી હતી, તે જનતા આજે લાચાર બનીને મોંઢું વકાસીને ઊભી છે. અદાણી ગેસના આ જોહુકમીભર્યા નિર્ણયની સીધી અને ઘાતક અસર મધ્યમ વર્ગ, નોકરિયાત વર્ગ અને ખાસ કરીને લાખો ગરીબ રિક્ષાચાલકો પર પડશે. રોજનું કમાઈને રોજ ખાતા રિક્ષાચાલકો માટે હવે ઘર ચલાવવું મુશ્કેલ બનશે. સીએનજીના ભાવ વધતા જ હવે શાકભાજીથી લઈને જીવનજરૂરી ચીજવસ્તુઓના ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ વધશે, જેનો સીધો માર ફરી એકવાર સામાન્ય ગ્રાહકના માથે જ ઝીંકાશે. એટલે કે, આ ભાવવધારો માત્ર ગેસ પૂરતો સીમિત નથી, તે આડકતરી રીતે આખા બજારમાં મોંઘવારીનો નવો ભડકો કરશે.

સરકાર એક તરફ પ્રદૂષણ મુક્ત 'ગ્રીન એનર્જી' અને સીએનજી વાહનો વાપરવા માટે મોટી-મોટી એડવર્ટાઈઝમેન્ટો કરીને જનતાને પ્રોત્સાહિત કરે છે, અને બીજી તરફ ખાનગી કંપનીઓને જનતાને લૂંટવાનું ખુલ્લું લાયસન્સ આપી દેવાય છે! જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ કે ગેસના ભાવ ઘટે છે ત્યારે કંપનીઓ તેનો ફાયદો જનતાને આપવા લોભ કરે છે, પરંતુ જેવો મોકો મળે કે તરત જ ગ્રાહકોની નસો નીચોવી લેવાય છે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ' સત્તાના સિંહાસન પર બેઠેલા આકાઓ અને ગેસ કંપનીઓને રોકટોક વગર પૂછે છે કે - 'અચ્છે દિન'ના વાયદાઓ વચ્ચે સામાન્ય માણસને જીવવું કેમ હરામ કરી દેવાયું છે? સીએનજી 90ને પાર થઈ જાય તો મધ્યમ વર્ગ બચત ક્યાંથી કરશે અને પોતાના પરિવારનું પેટ કેવી રીતે ભળશે? જ્યાં સુધી આ આકરો ભાવવધારો પાછો ખેંચવામાં નહીં આવે, ત્યાં સુધી અમે જનતા વતી આ અન્યાય સામે અવાજ ઉઠાવતા રહીશું!

### જવાબદારો સામે કાર્યવાહી કરવા માંગ

## સુરતને પૂરમાં ધેકલતું સારોલી ખાડી કૌભાંડ

સુરત



સ્માર્ટ સિટી સુરતમાં દર વર્ષે ચોમાસા દરમિયાન લાખો નાગરિકો ખાડી પૂરની ગંભીર સમસ્યાથી ત્રાહિમામ પોકારી ઉઠે છે, ત્યારે બીજી તરફ સરકારી બાબુઓ અને ભૂમાફિયાઓની મિલીભગતથી કુદરતી ખાડીઓ જ ગાયબ કરવાનું એક મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. સુરતના સારોલી વિસ્તારના નોન-ટીપી (Non-TP) સેક્ટરમાં કુદરતી ખાડી પૂરી દઈને તેને ગેરકાયદેસર રીતે ડાયવર્ટ કરવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ સભ્ય સુરેશભાઈ સુહાગીયાએ આ અંગે સુરત કલેક્ટર તેજસ પરમાર અને મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજનને પુરાવા સાથે લેખિત રજૂઆત કરી જવાબદારો સામે ફોજદારી પગલાં ભરવાની માંગ કરી છે.

મળતી માહિતી અનુસાર, મોજે ગામ સારોલીના નોન-ટીપી વિસ્તારમાં આવેલા બ્લોક નં. 122, 123, 124 અને 125 માંથી એક સરકારી અને કુદરતી ખાડી પસાર થાય છે. આ ખાડી સણીયા અને સારોલી ગામના લાખો ગેલન વરસાદી પાણીના નિકાલનો એકમાત્ર મૂળ સ્ત્રોત છે. સત્તા અને પૈસાના જોરે આ ખાડીનું મૂળ અસ્તિત્વ જ મિટાવી દેવાનો પ્રયાસ કરાયો છે. ખાડીનો કુદરતી પ્રવાહ જે બ્લોક નં. 124 અને 125 માંથી પસાર થતો હતો, તેને ગેરકાયદેસર રીતે પૂરી દઈને સુરત મહાનગરપાલિકા (SMC) ના અનામત પ્લોટમાં વાળી દેવામાં આવ્યો છે. આ ગંભીર કૃત્યના કારણે ભવિષ્યમાં પાલિકાને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવશે. પૂર્વ સભ્ય સુરેશભાઈ સુહાગીયાએ પુરાવા સાથે સત્તાધીશોને ઘેરતા જણાવ્યું છે કે, આ ખાડી કોઈ નાનો-મોટો વહેળો નથી, પરંતુ સુરત શહેરી વિકાસ સત્તામંડળ (SUDA) ના ડેવલપમેન્ટ પ્લાન-2035ના સત્તાવાર સરકારી નકશામાં આ ખાડી સ્પષ્ટપણે દર્શાવવામાં આવેલી છે.

### જનતાના કરોડો રૂપિયા પતરાના શેડમાં હોમાશે

## વરાછામાં વિવાદાસ્પદ શાક માર્કેટના પ્રોજેક્ટને શાસકોએ કટોકટીમાં પાસ કર્યો

સુરત

સુરત મહાનગરપાલિકાની રાજકીય ચર્ચાઓ અને મંજૂરીઓની પરંપરામાં વધુ એક વિવાદાસ્પદ પ્રકરણ ઉમેરાયું છે. વરાછા ઝોન-એ માં આવેલા ત્રિકમનગર વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા નિવારવાના બહાના હેઠળ આશરે રૂ. 2.64 કરોડના તોતિંગ ખર્ચે નવી આધુનિક વેજિટેબલ માર્કેટ બનાવવાની દરખાસ્તને આખરે મનપાની શાસક પક્ષની સ્થાયી સમિતિ દ્વારા લીલી ઝંડી આપી દેવામાં આવી છે. ગઈ બેઠકમાં આ કામને જાહેર નાણાંનો વ્યય ગણાવીને મુલતવી રાખવામાં આવ્યું હતું, તે જ કામને સ્થાનિક ધારાસભ્યના તીવ્ર રાજકીય દબાણ અને 'ધમપછાડા' બાદ ગણતરીના દિવસોમાં જ વહીવટી તંત્રએ સુધારેલા કારણો સાથે રજૂ કરવું પડ્યું અને સમિતિએ તેને બહાલ રાખ્યું છે. આ નિર્ણયને પગલે હવે સુરતના રાજકારણમાં અને સ્થાનિક સ્તરે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા રજૂ કરાયેલી અને સ્થાયી સમિતિ દ્વારા મંજૂર કરાયેલી દરખાસ્ત મુજબ, વરાછા ઝોન-એ હેઠળ આવતી ટી.પી. સ્કીમ નંબર 3 ના ફાઈનલ પ્લોટ નંબર 23 ખાતે આ નવી વેજિટેબલ માર્કેટનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ પાછળ અંદાજિત રૂ. 2.64 કરોડનો જંગી ખર્ચ કરવામાં આવશે.

### 'જો વૈજ્ઞાનિકોની જ કદર ન હોય તો સામાન્ય માણસની શું કિંમત?'

## સોનમ વાંગચૂકનાં સમર્થનમાં રાજકોટના યુવાનો મેદાને. : બહુમાળી ચોકમાં ધરણા

અમદાવાદ




લદ્દાખના પર્યાવરણવિદ્ અને જાણીતા વૈજ્ઞાનિક સોનમ વાંગચૂકના સમર્થનમાં હવે ગુજરાતના યુવાનો પણ આગળ આવ્યા છે. રાજકોટના બહુમાળી ભવન ચોક ખાતે મોટી સંખ્યામાં એકઠા થયેલા યુવાનોએ પ્રતીક ધરણા શરૂ કરીને સોનમ વાંગચૂકની માગણીઓને વાચા આપી છે.

આ વિરોધ પ્રદર્શન દરમિયાન યુવાનોએ દેશની વર્તમાન શિક્ષણ વ્યવસ્થા સામે તીખા સવાલો ઉઠાવ્યા હતા. આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જો આપણા દેશના મહાન વૈજ્ઞાનિકોની જ કોઈ કદર ન થતી હોય, તો પછી સામાન્ય નાગરિકની કદર કોણ કરશે? દેશનું ભવિષ્ય સુધારવા માટે દરેક નાગરિકે ઘરમાંથી બહાર નીકળીને આ આંદોલનને સમર્થન આપવું જોઈએ. જોકે, મંજૂરી વિના ધરણા થતા હોવાથી સ્થાનિક પોલીસ દ્વારા તમામની અટકાયત કરાઈ હતી.

સોનમ વાંગચૂક અંગે વાત કરતા જણાવ્યું કે, તેઓ જેવા મહાન વૈજ્ઞાનિક પાસે વિશ્વનાં 5 દેશના વિઝા ઉપલબ્ધ છે. તેઓ ધારે તો વિદેશ જઈને આરામદાયક જીવન જીવી શકે છે. તેમ છતાં, તેઓ પોતાના દેશ માટે, લદ્દાખની ભૂમિ અને પર્યાવરણના રક્ષણ માટે ભૂખ હડતાલ પર બેઠા છે. જો આવા નિઃસ્વાર્થ વ્યક્તિ માટે પણ દેશની સરકાર અને તંત્ર આંખ આડા કાન કરતું હોય, તો તે અત્યંત શરમજનક બાબત છે. આપણા દેશના વડાપ્રધાન સુધી આ અવાજ પહોંચવો જોઈએ કે દેશનો યુવા વર્ગ હવે જાગૃત થઈ ગયો છે.

### ગુજરાત ATSનો મોટો ધડાકો

## આતંકી મોડ્યુલે અવાવરુ સ્થળોએ કર્યા હતા બોમ્બ બ્લાસ્ટના ટેસ્ટિંગ

### પકડાયેલા કાવતરાખોરોનો ખતરનાક પ્લાન: જેહાદી સાહિત્ય અને IED મટીરિયલ સાથે સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કરતી એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ

અમદાવાદ

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) ને રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને લઈને એક બહુ મોટી સફળતા હાથ લાગી છે. ગુજરાતમાં સક્રિય આતંકી મોડ્યુલનો પર્દાફાશ કર્યા બાદ એટીએસની પૂછપરછમાં એવા ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે, જે સાંભળીને સુરક્ષા એજન્સીઓ પણ ચોંકી ઉઠી છે. ઝડપાયેલા કાવતરાખોરો માત્ર પ્લાનિંગ નહોતા કરી રહ્યા, પરંતુ તેઓએ રાજ્યના અવાવરુ સ્થળોએ બોમ્બ બ્લાસ્ટના જીવતા પરીક્ષણો (ટ્રાયલ) પણ કરી લીધા હોવાનો સનસનાટીભર્યો દાવો એટીએસ દ્વારા કરવામાં આવ્યો છે.

એટીએસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પકડાયેલા આરોપીઓના મોબાઈલ ફોનની તીવ્ર વૈજ્ઞાનિક તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન આરોપીઓના ડિવાઈસમાંથી અત્યંત આપત્તિજનક સામગ્રી મળી આવી છે. જેમાં મુખ્યત્વે:

બોમ્બ બનાવવાની રીત દર્શાવતી સિક્રેટ ગાઈડ અને PDF ફાઈલો. કટ્ટરપંથી વિચારો ફેલાવતું જેહાદી સાહિત્ય અને વીડિયો. આઈઈડી (IED - ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ) તૈયાર કરવા માટેની ટેકનિકલ સામગ્રી અને ડેટા. આ તમામ પુરાવાઓ સ્પષ્ટ કરે છે કે આરોપીઓ કોઈ મોટી અને ભયાનક આતંકી ઘટનાને અંજામ આપવાની ફિરાકમાં હતા. તપાસમાં સૌથી મોટો ખુલાસો એ થયો છે કે, લોકલ લેવલ પર ઉપલબ્ધ કેમિકલ અને સામગ્રીનો ઉપયોગ કરીને આરોપીઓએ નાના કદના આઈઈડી (IED) તૈયાર કર્યા હતા. કોઈને શંકા ન જાય તે માટે તેઓએ શહેર કે ગામથી દૂર આવેલા જંગલ જેવા અથવા બંજર અને અવાવરુ સ્થળોની પસંદગી કરી હતી. ત્યાં તેઓએ અનેક વખત નાના-મોટા ધડાકા કરીને બોમ્બની ક્ષમતાનું પરીક્ષણ કર્યું હતું, જેથી મુખ્ય ટાર્ગેટ વખતે કોઈ ચૂક ન થાય. એટીએસની પ્રાથમિક તપાસ મુજબ, આ મોડ્યુલનો મુખ્ય હેતુ રાજ્યની શાંતિ અને સલામતીને ભંગ કરવાનો હતો. તેઓ ભીડભાડવાળા જાહેર સ્થળો, ધાર્મિક સ્થાનો અથવા મહત્વના સરકારી પ્રતિષ્ઠાનોને નિશાન બનાવીને શ્રેણીબદ્ધ બ્લાસ્ટ કરવાનું ષડયંત્ર રચી રહ્યા હોવાની આશંકા છે.

## ભાવનગરમાં ખાખી લજવાઈ: મહિલા કોન્સ્ટેબલ નયનાએ આચર્યું કરોડોનું કૌભાંડ? રાજુ ભમ્મરે પુરાવા સાથે કર્યો મોટો ધડાકો!

### સ્પા ઓપરેશન અને મિલકત જપ્તીની કડક કાર્યવાહી વચ્ચે ખંડણીના ગંભીર આક્ષેપોથી પોલીસ બેડામાં ભડકો: ભોગ બનનારે સીધા જ હાઈકોર્ટ અને ઉચ્ચ અધિકારીઓના દ્વાર ખખડાવ્યા

ભાવનગર

ભાવનગર પોલીસ દ્વારા તાજેતરમાં જ સ્પાની આડમાં ચાલતા અનૈતિક વેપાર સામે 80 લાખની મિલકત જપ્ત કરવાની ઐતિહાસિક કાર્યવાહી કરવામાં આવી હતી, ત્યાં જ આ સમગ્ર મામલામાં એક નવો અને અત્યંત ચોંકાવનારો વળાંક સામે આવ્યો છે. ભાવનગર પોલીસની આ કડક કાર્યવાહી વચ્ચે હવે ખાખી વર્દી સામે જ કરોડો રૂપિયાની કથિત તોડબાજી અને ખંડણીના સનસનાટીભર્યા આક્ષેપો લાગ્યા છે. ભાવનગરની મહિલા કોન્સ્ટેબલ નયના પર કરોડો રૂપિયા પડાવ્યા હોવાના ગંભીર આરોપો સાથે રાજુ ભમ્મર નામના વ્યક્તિએ પુરાવા રજૂ કરતાં પોલીસ કમિશનર કચેરીથી લઈને ગાંધીનગર સુધી ભૂકંપ આવી ગયો છે. મળતી વિગતો અનુસાર, કથિત રીતે ભોગ બનનાર અને અરજદાર રાજુ ભમ્મરે આખા પ્રકરણનો ભાંડો ફોડતા ઓડિયો રેકોર્ડિંગ અને અન્ય મહત્વના પુરાવાઓ મીડિયા અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સમક્ષ રજૂ કર્યા છે. રાજુ ભમ્મરનો સીધો આક્ષેપ છે કે, ભાવનગરની મહિલા કોન્સ્ટેબલ નયના અને તેના મળતિયાઓએ કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને અલગ-અલગ સમયે તેની પાસેથી કરોડો રૂપિયાની માતબર રકમ પડાવી લીધી છે. આ તોડબાજીના પુરાવા તરીકે ચેટ્સ, કોલ રેકોર્ડિંગ્સ અને નાણાકીય લેવડ-દેવડની વિગતો પણ સામે આવી હોવાનો દાવો કરાયો છે. એક તરફ જ્યારે ગૃહ વિભાગ 'ઝીરો ટોલરન્સ' નીતિ હેઠળ ગુનેગારોની મિલકતો જપ્ત કરીને કાયદાનો કોરડો વીંઝી રહ્યું છે, ત્યારે બીજી તરફ ખાખીની આડમાં ચાલતી આવી કથિત લૂંટના કારણે પોલીસ પ્રશાસનની આબરૂના ધજાગરા ઊડી રહ્યા છે. રાજુ ભમ્મરે આક્ષેપ કર્યો છે કે આ માત્ર એક નાનો મામલો નથી પરંતુ આની પાછળ એક આખું વ્યવસ્થિત નેટવર્ક કામ કરી રહ્યું છે, જે લોકોને કાયદાનો ડર બતાવીને બ્લેકમેલ કરે છે અને કરોડો રૂપિયા ખંખેરે છે. આ મામલે ન્યાય મેળવવા માટે અરજદારે હાઈકોર્ટના પણ દ્વાર ખખડાવ્યા હોવાની ચર્ચા છે.

પાક્કો ગુજરાત
સોમવાર | 20 જુલાઈ 2026 | અમદાવાદ

### ડભોઇમાં ભ્રષ્ટાચારનો હાઈવે

# નાદોદી ભાગોળથી તિલકવાડા રોડ સુધી વરસાદી કાસના નામે લાખો રૂપિયાનું આંધણ!

## રોડ કરતાંય ઊંચી ગટર બનાવી દેનારો આ કયો મહાન એન્જિનિયર છે? એન્જિનિયરિંગના નિયમો નેવે મૂકી કોન્ટ્રાક્ટરે આદરી મનમાની



ડભોઇ

સરકાર જનતાની સુવિધા માટે અને ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યામાંથી મુક્તિ અપાવવા માટે લાખો-કરોડો રૂપિયાની ગ્રાન્ટો પાણીની જેમ વહાવે છે. પરંતુ ડભોઈમાં સ્ટેટ હાઈવે વિભાગના ભ્રષ્ટ અધિકારીઓ અને સુપર-શાતિર કોન્ટ્રાક્ટરોની જુગલબંદીને કારણે જનતાનો આ ટેક્સનો રૂપિયો ગટરમાં જઈ રહ્યો હોય તેવા વરવા દ્રશ્યો સામે આવ્યા છે. ડભોઈના નાદોદી ભાગોળથી તિલકવાડા રોડ નર્મદા કેનાલ સુધીના માર્ગ પર હાલમાં રોડની બંને સાઈડ વરસાદી કાસ (ગટર) બનાવવાની કામગીરી ચાલી રહી છે. પરંતુ આ કામગીરી કોઈ વિકાસનું કામ નથી, બલ્કે આગામી ચોમાસામાં આખા વિસ્તારને ડુબાડવાનું એક આયોજનબદ્ધ પાપ હોય તેવો જનઆક્રોશ ફાટી નીકળ્યો છે.

કોઈપણ સામાન્ય માણસ એટલું સમજી શકે કે રોડ પરનું પાણી ગટરમાં નાખવા માટે ગટરનું લેવલ રોડ કરતાં નીચું હોવું જોઈએ. પરંતુ અહીં તો અંધેર નગરી ને ગંડુ રાજા જેવો ઘાટ ઘડાયો છે! કોન્ટ્રાક્ટરે કોઈપણ જાતના ટેકનિકલ લેવલિંગ વગર જ રોડના સ્તર કરતાંય ઊંચી વરસાદી કાસ ચણી દીધી છે! સ્થાનિકો માથું ખંજવાળી રહ્યા છે કે જો કાસ જ રોડ કરતાં ઊંચી હશે, તો રોડ પરનું વરસાદી પાણી આકાશ તરફ ઉડીને કાસમાં જશે? આ ઘોર અણઘડ આયોજનના કારણે આગામી ચોમાસામાં આખો રોડ બેટમાં ફેરવાઈ જશે અને કરોડોના ખર્ચે બનેલો સ્ટેટ હાઈવે ધોવાઈ જશે તે નક્કી છે.

નવાઈની વાત તો એ છે કે, કોન્ટ્રાક્ટરે બસ સિમેન્ટ-ઈંટોની દીવાલો ચણીને લાખોનું બિલ પાસ કરાવવાની ગણતરી કરી લીધી છે, પણ આ એકત્રિત થયેલા પાણીનો અંતિમ નિકાલ ક્યાં અને કેવી રીતે કરવામાં આવશે, તેની કોઈ ચોક્કસ યોજના જ નથી! આ પૂર્વે પણ નાંદોદી ભાગોળથી વેગા સુધી લાખોના ખર્ચે આવી જ કાસ બનાવાઈ હતી, જે આખું વર્ષ કોરીકટ રહી અને ચોમાસામાં આજુબાજુની સોસાયટીઓ ડૂબી ગઈ હતી.

## રાજકોટમાં ખેડૂત આંદોલનનો જ્વાળામુખી ફાટ્યો : મેદાને ઉતર્યા પ્રવીણ રામ, શાસક પક્ષને લીધો આડેહાથ!

રાજકોટ

ગુજરાતનો જગતનો તાત (ખેડૂત) આજે ફરી એકવાર પોતાના હક અને ન્યાયની લડાઈ માટે રસ્તા પર ઉતરી આવ્યો છે. રાજકોટમાં ચાલી રહેલા આકરા ખેડૂત આંદોલનમાં આજે વાતાવરણ ત્યારે વધુ ગરમાયું, જ્યારે આમ આદમી પાર્ટીના ફાયરબ્રાન્ડ નેતા પ્રવીણ રામ આંદોલન છાવણી પર પહોંચ્યા હતા. ખેડૂતોના સમર્થનમાં મેદાને આવેલા પ્રવીણ રામે સ્ટેજ પરથી જ સરકારની જડબેસલાક નીતિઓ અને કથિત અન્યાય સામે સિંહગર્જના કરીને શાસક પક્ષના પાયા હચમચાવી દીધા છે. આંદોલનકારી ખેડૂતોને સંબોધતા પ્રવીણ રામે સીધો પ્રહાર કરતા જણાવ્યું કે, સરકાર મોટી-મોટી જાહેરાતો અને યોજનાઓની વાતો હવામાં કરે છે, પણ જ્યારે જમીન પર ખેડૂતને પાક વીમો, વળતર અથવા ખેતીના સાધનોની જરૂર હોય છે ત્યારે તંત્ર કુંભકર્ણની નિદ્રામાં પોઢી જાય છે. 'વાવણી વીતી ગયા પછી યોજનાઓ લાવવાનો કોઈ મતલબ નથી' તેમ કહીને તેમણે કપાસ ક્રાંતિ અને કૃષિ નીતિઓના નામે ચાલતા કથિત નાટકોને ખુલ્લા પાડ્યા હતા. પ્રવીણ રામે ખેડૂતોને એકજૂથ રહેવા હાકલ કરતા મોટી રાજનૈતિક રણનીતિ આપી છે.

### સત્તાના જોરે કાયદાના લીરેલીરા

## ટંકારામાં ભાજપના મહિલા અગ્રણીના પતિના બંગલામાંથી ઝડપાયું હાઈપ્રોફાઈલ જુગારધામ!

ટંકારા/મોરબી

મોરબી જિલ્લાના ટંકારામાંથી કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડતો અને શાસક પક્ષની શિસ્તના દાવાઓની હવા કાઢી નાખતો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ટંકારામાં ભાજપના એક હાઈપ્રોફાઈલ મહિલા કોર્પોરેટર/સ્થાનિક અગ્રણીના પતિના આલીશાન બંગલામાં લાખો રૂપિયાની હારજીતનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન બંગલામાંથી મોટા ગજાના જુગારીઓ અને લાખોની રોકડ ઝડપાઈ હોવાના અહેવાલ છે, પરંતુ આખી ઘટનામાં સૌથી મોટો સવાલ એ ઊભો થયો છે કે - આ ગુનાહિત સામ્રાજ્ય જેના બંગલામાં ચાલતું હતું, તે કોર્પોરેટરના પતિ સામે હજુ સુધી કોઈ કડક કાર્યવાહી કેમ કરવામાં આવી નથી? મળતી વિગતો અનુસાર, ટંકારાના આ પોશ વિસ્તારમાં આવેલા બંગલામાં છેલ્લા ઘણા સમયથી હાઈપ્રોફાઈલ જુગારધામ ધમધમી રહ્યું હતું. સ્થાનિક પોલીસને બાતમી મળતા જ કાયદેસરની કાર્યવાહી કરીને દરોડો પાડવામાં આવ્યો હતો. રેડ પડતાં જ જુગારીઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. જો કે, જેવો આ બંગલો સત્તાધારી પક્ષના મહિલા નેતાના પતિનો હોવાનો ખુલાસો થયો, કે તરત જ આખો મામલો દબાવવા માટે ગાંધીનગરથી લઈને સ્થાનિક કક્ષા સુધીના રાજકીય આકાઓના ફોન રણકવા માંડ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.



ટંકારા અને મોરબી પંથકમાં આ ઘટનાને લઈને જનતામાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયા પર ★TankaraNews અને ★GamblingDen સાથે લોકો સવાલો પૂછી રહ્યા છે કે, જો કોઈ સામાન્ય નાગરિકના ઘરેથી પત્તાની જોડ કે નાનો જુગાર પકડાય, તો પોલીસ તેને તાત્કાલિક જેલના સળિયા પાછળ ધકેલી દે છે અને મીડિયા સામે તેના ફોટા પાડીને વાહવાહી લૂંટે છે.

## મંત્રી સંજયસિંહ મહિડાએ મહુધા અને માતરના ચાર ગામોને આપી 'ઈ-રિક્ષા'ની શાનદાર ભેટ!

ખેડા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતના ગામડાઓને પણ સિંગાપોર અને હાઈટેક સિટી જેવા સ્વચ્છ બનાવવાનું જે સપનું છે, તે દિશામાં ખેડા જિલ્લામાં એક મોટું અને પ્રશંસનીય કદમ ઉઠાવવામાં આવ્યું છે. ગુજરાત સરકારના મહેસૂલ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના લોકપ્રિય રાજ્ય કક્ષાના મંત્રી સંજયસિંહ મહિડાએ મહુધા અને માતર વિધાનસભા વિસ્તારના ચાર મહત્વના ગામોને એક પ્રદૂષણમુક્ત અને આધુનિક ભેટ આપી છે. આ ચાર ગામોમાં હવે કચરાના નિકાલ માટે અને સ્વચ્છતા જાળવવા માટે ખાસ 'ઈ-રિક્ષા' (Eco-Friendly E-Rickshaws) ફાળવવામાં આવી છે. એક ગરિમાપૂર્ણ કાર્યક્રમ દરમિયાન મંત્રી સંજયસિંહ મહિડાએ પોતે હાજર રહીને આ આધુનિક ઈ-રિક્ષાઓને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "ગાંધીજીના સ્વચ્છ ભારતના સપનાને સાકાર કરવા માટે માત્ર શહેરો જ નહીં, પરંતુ ગામડાઓનું પણ ડિજિટલ અને સ્વચ્છ હોવું એટલું જ જરૂરી છે.

### વડોદરાની હાઈપ્રોફાઈલ બેઠક પર જંગ જામ્યો

## 'ભાજપનો ગઢ' ગણાતી માંજલપુર બેઠક પર પટેલ vs OBCની લડાઈ

વડોદરા

ગુજરાત રાજકારણનું સૌથી સુરક્ષિત અને 'ભાજપનો અભેદ્ય કિલ્લો' ગણાતી વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠક પર આ વખતે ચૂંટણીનો માહોલ ગરમાયો છે. પરંપરાગત રીતે ભાજપનો ગઢ ગણાતી આ બેઠક પર આ વખતે લડાઈ માત્ર પક્ષો વચ્ચેની નથી રહી, પરંતુ તે 'પટેલ વિરુદ્ધ ઓબીસી' (Patel vs OBC) ના હાઈવોલ્ટેજ જાતિગત સમીકરણોમાં ફેરવાઈ ગઈ છે. કૉંગ્રેસ દ્વારા ખેલાયેલા નવા દાવ અને ભાજપની આંતરિક ખેંચતાણ વચ્ચે માંજલપુરની જનતા આ વખતે કોના શિરે તાજ પહેરાવશે, તેના પર આખા ગુજરાતની નજર મંડાયેલી છે. માંજલપુર બેઠક દાયકાઓથી ભાજપનો સાથ આપતી આવી છે.





પરંતુ આ વખતે સમીકરણો બદલાયા છે. બેઠક પર પાટીદાર મતદારો અને ઓબીસી (તરવાડી, રાણા, ક્ષત્રિય અને અન્ય ઓબીસી જ્ઞાતિઓ) મતદારો નિર્ણાયક ભૂમિકામાં છે. ભાજપ દ્વારા જો પાટીદાર ચહેરા પર દાવ ખેલવામાં આવે, તો મોટાભાગના ઓબીસી મતદારોમાં નારાજગી વ્યાપી શકે છે અને જો ઓબીસી ચહેરાને ટિકિટ મળે તો પાટીદાર લોબી નારાજ થાય તેવી સ્થિતિ છે. આ જ નબળી નસ પર કૉંગ્રેસે આ વખતે બરાબરની પકડ જમાવી છે. કૉંગ્રેસે આ બેઠક પર સત્તાધારી પક્ષના પરંપરાગત વોટબેંકમાં ગાબડું પાડવા માટે સ્થાનિક સ્તરે મજબૂત એવા ઓબીસી અથવા પાટીદાર ફેક્ટરને એન્કેશ કરવાનો પ્લાન બનાવ્યો છે.

### મોટી મારડ ડબલ મર્ડર

## એકતરફી પ્રેમમાં પાડોશી શ્રમિકે જ લોખંડના પાઈપના ઘા ઝીંકી દંપતીની ક્રૂર હત્યા કરી : આરોપી ઝડપાયો

રાજકોટ

રાજકોટ:રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પાટણવાવ પોલીસ સ્ટેશન હેઠળના મોટી મારડ ગામની સીમમાં થયેલી ચકચારી બેવડી હત્યા (ડબલ મર્ડર) નો ભેદ પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી કાઢવામાં મોટી સફળતા મેળવી છે. ગત તારીખ ૧૩/૦૭/૨૦૨૬ની રાત્રિ દરમિયાન મોટી મારડ ગામની સીમમાં આવેલી રમેશભાઈ ભુતની વાડીમાં મજૂરી કામ કરતા અને ત્યાં ખુલ્લામાં સૂતેલા પરપ્રાંતીય શ્રમિક દંપતી રોહિત મથુરાભાઈ ચૌહાણ અને તેમની પત્ની દુર્ગા ચૌહાણ પર કોઈ અજ્ઞાત ઈસમોએ માથાના ભાગે મારક હથિયારના ઘા ઝીંકી ક્રૂર



હત્યા કરી દીધી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતકના પિતાની ફરિયાદના આધારે પાટણવાવ પોલીસે હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. આ વણશોધાયેલા ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને કેસનો ભેદ ઉકેલવા માટે અલગ-અલગ ટીમો બનાવીને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. આ ઓપરેશનમાં રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB), સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને પાટણવાવ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો દિવસ-રાત એક કરીને કામગીરીમાં જોડાયા હતા. પોલીસ ટીમો દ્વારા ઘટનાસ્થળની આસપાસના ૫૦૦ મીટર વિસ્તારમાં ફૂટપ્રિન્ટ્સ અને હથિયાર શોધવા માટે સમગ્ર વિસ્તાર સ્કેન કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૫ કિલોમીટરની જગ્યામાં રહેતા અન્ય મજૂરો અને શંકાસ્પદ ઈસમોની સઘન પૂછપરછ કરવામાં આવી હતી.

### બ્રાન્ડેડ વેફર્સના પેકેટો પણ ફેલ!

## ગુજરાતના બાળકોને 'ધીમું ઝેર' પીરસતો કાળો કારોબાર: પાટણમાં 2,000 કિલો ઝેરી-ભેળસેળવાળું નમકીન ઝડપાયું

પાટણ

ગુજરાત જેને 'ખાણી-પીણીનું શોખીન' રાજ્ય માનવામાં આવે છે, ત્યાં જનતાના સ્વાસ્થ્ય સાથે ખેલાતો એક અત્યંત ઘાતક અને લોહી ઉકાળી દે તેવો ખેલ સામે આવ્યો છે. આપણા બાળકો જે પેકેટ હોંશે-હોંશે ખાય છે, તે વાસ્તવમાં કોઈ હેલ્થી ફૂડ નથી પરંતુ કેમિકલ અને સડેલા તેલમાંથી બનેલું 'ધીમું ઝેર' છે! પાટણમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે દરોડો પાડીને ૨,૦૦૦ કિલો (બે હજાર કિલો) જેટલો ઝેરી, ભેળસેળવાળો અને અખાદ્ય નમકીનનો જથ્થો પકડી પાડ્યો છે. આ આંકડો માત્ર એક ફેક્ટરીનો છે, આવા મોતના સોદાગરો આખા ગુજરાતમાં કાયદાના લીરેલીરા ઉડાવી રહ્યા છે. પાટણની આ નમકીન ફેક્ટરીમાંથી જે પ્રકારની ગંદકી, સડેલો માલ અને પ્રતિબંધિત કલર-કેમિકલ મળી આવ્યા છે તે જોઈને કોઈ પણ સજ્જન માણસ ધ્રૂજી ઊઠે. પરંતુ જનતા હવે આ આંધળા તંત્રની કાર્યવાહીથી વાકેફ છે. જનતાનો સણસણતો આક્રોશ છે કે - 'આજે આ ફેક્ટરી પકડાઈ છે, મીડિયામાં હેડલાઈન્સ બનશે, અધિકારીઓ ફોટા પડાવશે અને થોડા દિવસોમાં પડદા પાછળ મોટો 'વહીવટ' (લાંચ) થઈ જશે એટલે આ જ મોતની ફેક્ટરી પાછી ધમધમતી થઈ જશે!' લાયસન્સ રદ કરવાના નામે માત્ર કાગળ પર નોટિસો ફાડીને સંતોષ માની લેવાય છે, કોઈ કાળી ઘેટાં સમાન માલિકને આજીવન જેલની સજા થતી નથી.


સ્થાનિક બજારોમાં માત્ર લોકલ નમકીન જ નહીં, પરંતુ બાલાજી વેફર્સની 'ગિપ્પી' જેવા પ્રખ્યાત બ્રાન્ડેડ પેકેટોની ગુણવત્તા સામે પણ હવે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. ગ્રાહકોનો આક્ષેપ છે કે બ્રાન્ડના નામે પણ તોતિંગ ભાવ વસૂલીને વાસી, વધુ પડતા પ્રિઝર્વેટિવ્સવાળા અને ટામેટો વેફર્સના નામે કેમિકલ યુક્ત કલરવાળા નાસ્તા પધરાવી દેવાય છે. નાની ફેક્ટરીઓ તો ઠીક, પણ આવા મોટા ગજાના બ્રાન્ડ્સ સામે ફૂડ સેફ્ટીના કડક માપદંડો હેઠળ તપાસ કરવાની હિંમત તંત્ર કેમ નથી બતાવતું?

## કાયદાના રક્ષકો કે ખાખીધારી રાક્ષસો? સુરતમાં ચા-નાસ્તો મફત ન આપતા વેપારીને 350 ડંડા માર્યા

સુરત

ગુજરાત પોલીસ સામાન્ય જનતાની સુરક્ષા માટે છે કે પછી પોતાનો આતંક ફેલાવવા માટે? આ સવાલ આજે રાજ્યનો દરેક નાગરિક પૂછી રહ્યો છે. સુરત અને અમદાવાદના સાણંદમાંથી પોલીસ દાદાગીરી અને માનવતા મરી પરવારી હોય તેવા ત્રીજા ડિગ્રી ટોર્ચર (Custodial Torture) ના બે અત્યંત ચોંકાવનારા કિસ્સા સામે આવ્યા છે. કાયદાના રક્ષકો જ જ્યારે રક્ષકને બદલે ભક્ષક બની જાય ત્યારે જનતા ન્યાય માટે ક્યાં જાય? 'મફતની મલાઈ' એટલે કે હપ્તાખોરી અને મફતનું ખાવા-પીવાની ટેવવાળી ખાખીનો અસલી ચહેરો આ બંને ઘટનાઓમાં ખુલ્લો પડી ગયો છે.

સૌથી શરમજનક અને હૃદયદ્રાવક ઘટના ડાયમંડ સિટી સુરતમાંથી સામે આવી છે. સુરત પોલીસના કેટલાક બેફામ બનેલા કર્મચારીઓએ માત્ર એટલા માટે એક નાના વેપારીને



કસ્ટડીમાં લઈ લીધો કારણ કે તેણે પોલીસવાળાઓને 'મફતમાં ચા-નાસ્તો' આપવાની ના પાડી દીધી હતી! મફતની મલાઈ બંધ થતાં જ અકળાયેલી પોલીસે સત્તાનો દુરુપયોગ કરીને વેપારીને લોકઅપમાં પૂર્યો અને તેના પર બર્બરતાની તમામ હદો વટાવી દીધી. મળતી માહિતી મુજબ, આ માસૂમ વેપારીને કસ્ટડીમાં એક-બે નહીં પરંતુ 350થી વધુ ડંડા મારીને અધમુઓ કરી નાખવામાં આવ્યો. વેપારીના શરીર પરના સોળ અને ઈજાઓ જોઈને કોઈ પણ સંવેદનશીલ માણસ ધ્રૂજી ઊઠે. શું આ છે સુરત પોલીસની મિત્રતા?

### સુરતમાં ભક્તિનો મહાસાગર ઉમટ્યો

## પૂજ્ય મહારાજ સાહેબના દિવ્ય ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે હર્ષ સંઘવીએ વંદન કરી આશીર્વાદ લીધા!

### વેસુના આરાધના ભવન ખાતે જૈન ધર્મની પાવન પરંપરાનો અદ્ભુત નજારો: 'ચાતુર્માસ એ આત્મશુદ્ધિ અને કલ્યાણનો પવિત્ર અવસર'

સુરત

જૈન ધર્મની પવિત્ર અને પ્રેરણાદાયી પરંપરા સમાન ચાતુર્માસનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ડાયમંડ સિટી સુરતના વેસુ વિસ્તારમાં આવેલા પ્રખ્યાત 'આરાધના ભવન' ખાતે પરમ પૂજ્ય મહારાજ સાહેબના દિવ્ય ચાતુર્માસ મંગલ પ્રવેશ નિમિત્તે એક ભવ્ય ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન અવસરે ગુજરાતના લોકપ્રિય ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ખાસ ઉપસ્થિત રહીને મહારાજ સાહેબના ચરણોમાં વંદન કર્યા હતા અને તેમના દિવ્ય આશીર્વાદ પ્રાપ્ત કરીને ધન્યતા



અનુભવી હતી.

ચાતુર્માસ પ્રવેશના આ મંગલમય પ્રસંગે આખું આરાધના ભવન ભક્તિના રંગે રંગાયેલું જોવા મળ્યું હતું. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ અવસરે જણાવ્યું હતું કે, જૈન ધર્મમાં ચાતુર્માસનું એક વિશેષ અને ઘણું મોટું મહત્વ છે. આ ચાર મહિના માત્ર ધાર્મિક ક્રિયાઓ પૂરતા મર્યાદિત નથી, પરંતુ તે દરેક મનુષ્ય માટે આત્મશુદ્ધિ, તપ, ત્યાગ અને લોક-કલ્યાણનો સર્વોત્તમ અવસર છે. આ પાવન પરંપરા સમાજને શાંતિ, કરુણા અને અહિંસાનો માર્ગ બતાવે છે.

વેસુના આરાધના ભવન ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જૈન શ્રાવક-શ્રાવિકાઓ જોડાયા હતા.

## પધધરીના વણપરી ગામે SOG ત્રાટકી: ગેરકાયદેસર મોરમ ખનન-વહન ઝડપાયું






રાજકોટ

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નાબૂદ કરવાના ભાગરૂપે નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય અને પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. બ્રાંચ દ્વારા એક સફળ કામગીરી હાથ ધરવામાં આવી છે. એસ.ઓ.જી. શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર એફ.એ. પારગીના આદેશાનુસાર, પોલીસ સબ-ઈન્સ્પેક્ટર પી.બી. મિશ્રા, જી. જે. ઝાલા તથા સ્ટાફના માણસો પધધરી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન પોલીસ હેડ કોન્સ્ટેબલ નેમિષભાઈ મહેતાને મળેલી ચોક્કસ ખાનગી બાતમીના આધારે પડધરી તાલુકાના વણપરી ગામની સીમમાં આવેલા તળાવની આજુબાજુની જગ્યામાં દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન ત્યાં પરવાનગી વગર ગેરકાયદેસર રીતે સોફ્ટ મોરમ (ત્રાસ)/માટીનું ખનન, વહન તથા સંગ્રહ કરવાની પ્રવૃત્તિ ઝડપાઈ ગઈ હતી. આ ગેરકા દેસર પ્રવૃત્તિના સ્થળેથી પોલીસે અંદાજિત રૂ. ૪૦,૦૦,૦૦૦/- ની કિંમતનું એક ટાટા હિતાચી એસ્કેવેટર મશીન (રજી. નંબર: GJ 14 M 5683), રૂ. ૩૦,૧૦,૦૦૦/- ની કિંમતનું સોફ્ટ મોરમ ભરેલ ડમ્પર (રજી. નંબર: GJ 03 AT 1950) તેમજ અંદાજે ૨૦૦ ટન સોફ્ટ મોરમ (કિંમત રૂ. ૫૦,૦૦૦/-) મળીને કુલ રૂ. ૭૦,૬૦,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

## તંત્રી લેખ...


# કડવી વાસ્તવિકતા: શૈક્ષણિક ધામો ઘટી રહ્યા છે ને ધાર્મિક ધામો વધી રહ્યા છે, શું આ આપણી ભાવી પેઢી માટે વિનાશક સંકેત છે?

### મંદિરોના ભવ્ય શિખરો વચ્ચે સરકારી શાળાઓના તૂટતા ઓરડા: ધર્મના નામે અબજોનો ધુમાડો કરતો સમાજ બાળકોના ભવિષ્ય સામે આંખ આડા કાન કેમ કરી રહ્યો છે? 'પાક્કો ગુજરાત'નો સણસણતો સવાલ

આજે આપણો દેશ અને સમાજ એક એવા વળાંક પર આવીને ઊભો રહી ગયો છે, જ્યાં પ્રગતિના નામે માત્ર આભાસી વાતો થઈ રહી છે. ગલીએ-ગલીએ, ગામડે-ગામડે કરોડો-અબજો રૂપિયાના ખર્ચે ધાર્મિક ધામો, આશ્રમો અને મંદિરોના ભવ્ય શિખરો ચણાઈ રહ્યા છે, જેની સામે જ્ઞાનનું વાવેતર કરતી સરકારી શાળાઓ અને શૈક્ષણિક ધામો કાં તો બંધ થઈ રહ્યા છે અથવા મરણપથારીએ પડ્યા છે. આ કોઈ સામાન્ય બદલાવ નથી, પરંતુ આપણી ભાવી પેઢીના ભવિષ્યને અંધકાર તરફ ધકેલનારો એક અત્યંત ચિંતાજનક અને ઘાતક ટ્રેન્ડ છે.

### આંકડા બોલે છે, તંત્ર કેમ મૌન છે?

જો આપણે બારીકાઈથી નજર કરીએ તો, છેલ્લા કેટલાક વર્ષોમાં દેશ અને રાજ્યમાં સેંકડો સરકારી શાળાઓ 'વિદ્યાર્થીઓની ઘટ' અથવા 'બજેટના અભાવ'નું બહાનું ધરીને બંધ કરી દેવામાં આવી છે અથવા અન્ય શાળાઓ સાથે મર્જ કરી દેવાઈ છે. ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો જ્યાં મફત કે




સસ્તામાં ભણી શકતા હતા, તે શૈક્ષણિક ધામોનો ગ્રાફ સતત નીચે જઈ રહ્યો છે.

બીજી તરફ, ધાર્મિક ધામોનો ગ્રાફ રોકેટ ગતિએ વધી રહ્યો છે. અબજો રૂપિયાના ડોનેશન માત્ર ધાર્મિક ટ્રસ્ટોમાં જઈ રહ્યા છે. સવાલ એ થાય છે કે, જે સમાજ એક ભવ્ય ધાર્મિક ઉત્સવ કે મંદિર માટે ક્ષણભરમાં કરોડો રૂપિયા ભેગા કરી શકે છે, તે જ સમાજ પોતાના ગામની સરકારી શાળાના તૂટેલા પતરાં સાંધવા કે ડિજિટલ ક્લાસરૂમ બનાવવા માટે કેમ ભીખ માંગવી પડે છે?

ભાવી પેઢી માટે કેમ ચિંતાજનક?

કોઈપણ દેશ કે રાજ્યની તાકાત તેના નાગરિકોની વૈજ્ઞાનિક અને બૌદ્ધિક ક્ષમતા પર નિર્ભર કરે છે. ધર્મ માણસને સંસ્કાર આપી શકે છે, પણ રોજગાર અને દેશનો વિકાસ તો માત્ર સાચું શિક્ષણ જ આપી શકે છે.

અંધશ્રદ્ધા વિરુદ્ધ વૈજ્ઞાનિક અભિગમ: શાળાઓ ઘટશે તો બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ (Scientific Temperament) ઓછો થશે અને સમાજ ફરીથી અંધશ્રદ્ધા, રૂઢિચુસ્તતા અને જૂના વિચારોના વાડામાં કેદ થઈ જશે.

મોંઘા શિક્ષણની મજબૂરી: સરકારી શૈક્ષણિક ધામો બંધ થવાને કારણે ખાનગી લૂંટારૂ શિક્ષણ માફિયાઓ બેફામ બન્યા છે. ગરીબ વાલીઓ પોતાના બાળકને ભણાવવા માટે દેવાના ડુંગર નીચે દબાઈ રહ્યા છે.

રોજગારીનું સંકટ: જો યુવાનોને ગુણવત્તાયુક્ત અને ટેકનિકલ શિક્ષણ નહીં મળે, તો તેઓ માત્ર ધાર્મિક રેલીઓમાં ઝંડા ઉઠાવનારા મજૂરો બનીને રહી જશે. વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા માટે આપણી પાસે એન્જિનિયર્સ, ડૉક્ટર્સ અને વૈજ્ઞાનિકોની જરૂર છે, નહીં કે માત્ર અંધભક્તોની.

### ધર્મ જરૂરી છે, પણ શિક્ષણ અનિવાર્ય છે!

'પાક્કો ગુજરાત ન્યૂઝ' કોઈ ધર્મ કે શ્રદ્ધાની વિરુદ્ધમાં નથી. ધર્મ અને આધ્યાત્મિકતા ભારતનો આત્મા છે અને તે જળવાઈ રહેવી જ જોઈએ. પરંતુ જ્યારે ધર્મ શિક્ષણ પર હાવી થઈ જાય, ત્યારે વિનાશ નક્કી હોય છે. વિવેકાનંદ અને અબ્દુલ કલામ જેવા મહાપુરુષોએ પણ હંમેશાં જ્ઞાન અને શિક્ષણને સર્વોપરી ગણાવ્યું છે. પથ્થરની મૂર્તિઓ રાખવા માટે આલીશાન મહેલો બને અને જીવતા જાગતા દેશના ભવિષ્ય સમાન બાળકો તૂટેલી છત નીચે બેસીને ભણે, તેનાથી મોટી નકામી વ્યવસ્થા બીજી કઈ હોઈ શકે?

સમય પાકી ગયો છે... જાગો હવે જાગો!

હવે સમય આવી ગયો છે કે સમાજના દાનવીરો, ધાર્મિક વડાઓ અને સરકારી તંત્ર પોતાની વિચારધારા બદલે. મંદિરો અને ધાર્મિક ઉત્સવો પાછળ થતા અબજો રૂપિયાના ખર્ચમાંથી જો માત્ર ૨૦ ટકા રકમ પણ શૈક્ષણિક સંસ્થાઓ, લાઈબ્રેરીઓ અને ગરીબ બાળકોની સ્કોલરશિપ પાછળ વાપરવામાં આવે, તો ભારતને વિશ્વગુરુ બનતા કોઈ રોકી શકશે નહીં.

જો આજે પણ આપણે ન જાગ્યા અને શાળાઓ બંધ થતી રહી અને આશ્રમો-ધામો વધતા રહ્યા, તો આવનારી પેઢી આપણને ક્યારેય માફ નહીં કરે. ભાવી પેઢીને અંધકારમાંથી બચાવવી હશે, તો આપણી પ્રાથમિકતા બદલવી જ પડશે. હોસ્પિટલ અને સ્કૂલ એ જ સાચા આધુનિક શૈક્ષણિક ધામો છે, તેને બચાવવા એ જ દેશની સાચી સેવા છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# દિલ્હીનું જંતર-મંતર સૂત્રોચ્ચારોથી ધ્રૂજી ઊઠ્યું

# વહેલી સવારથી જ "ચોકીદાર ચોર હૈ" ના નારા સાથે પ્રદર્શનકારીઓનો ભારે હંગામો!

### પોતાની પડતર માંગણીઓને લઈને આક્રમક બન્યા આંદોલનકારીઓ: તીખા સૂત્રોચ્ચારો અને ઉગ્ર વિરોધ પ્રદર્શનથી દેશના રાજકારણમાં ગરમાવો, પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

પાક્કો ગુજરાત ન્યૂઝ, નવી દિલ્હી:

દેશની રાજધાની દિલ્હીનું ઐતિહાસિક વિરોધ પ્રદર્શન સ્થળ એટલે કે જંતર-મંતર આજે વહેલી સવારથી જ એક મોટા અને હાઈપ્રોફાઈલ રાજકીય વિરોધનું કેન્દ્ર બન્યું છે. પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને એકઠા થયેલા સેંકડો પ્રદર્શનકારીઓએ વહેલી સવારથી જ મોરચો માંડ્યો હતો. આ પ્રદર્શન દરમિયાન વાતાવરણ ત્યારે વધુ ગરમાયું જ્યારે પ્રદર્શનકારીઓએ એકસૂરે 'ચોકીદાર ચોર હૈ' ના તીખા અને આક્રમક નારા લગાવવાનું શરૂ કર્યું હતું. આ ગગનભેદી નારાઓથી આખું જંતર-મંતર ગુંજી ઊઠ્યું હતું અને શાસક પક્ષ વિરુદ્ધ ભારે રોષ જોવા મળ્યો હતો.

### ઉગ્ર સૂત્રોચ્ચારો અને કાયદો-વ્યવસ્થાનું સંકટ

મળતી વિગતો અનુસાર, પ્રદર્શનકારીઓ પોતાની માંગણીઓ પ્રત્યે સરકાર આંખ આડા કાન કરી રહી હોવાનો આક્ષેપ લગાવી રહ્યા છે. સવારના શાંત વાતાવરણમાં અચાનક જ શરૂ થયેલી આ નારેબાજી એટલી પ્રચંડ હતી કે લ્યુટિયન્સ દિલ્હીના સરકારી ગલિયારાઓ સુધી તેનો અવાજ પહોંચ્યો હતો. વિરોધ કરી રહેલા લોકોએ જણાવ્યું કે, સરકાર જનતાના હિતોનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગઈ છે, તેથી તેઓ આ કડવી વાસ્તવિકતા નારાઓ દ્વારા વ્યક્ત કરી રહ્યા છે. સ્થિતિ વણસે નહીં તે માટે દિલ્હી પોલીસ અને અર્ધલશ્કરી દળોનો મોટો કાફલો ઘટનાસ્થળે તૈનાત કરી દેવામાં આવ્યો હતો.

રાજકીય ગરમાવો અને જનતાનો આક્રોશ

'ચોકીદાર ચોર હૈ' ના આ નારાઓએ ભૂતકાળના મોટા રાજકીય આંદોલનોની યાદ તાજી કરાવી દીધી છે. સોશિયલ મીડિયા પર પણ આ વિરોધ પ્રદર્શનના વિડીયોઝ અને ફોટોઝ જોરદાર ટ્રેન્ડ થઈ રહ્યા છે. પ્રદર્શનકારીઓએ ચેતવણી આપી છે કે જ્યાં સુધી સરકાર તેમની ન્યાયિક માંગણીઓ સ્વીકારશે નહીં, ત્યાં સુધી તેમનું આ આંદોલન વધુ ઉગ્ર બનશે અને આગામી દિવસોમાં સંસદ ભવન તરફ કૂચ કરવામાં આવશે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ' સવાલ પૂછે છે કે, લોકશાહીના આ દેશમાં જનતાને પોતાની માંગણીઓ માટે દર વખતે રસ્તા પર ઉતરીને આટલા તીખા પાણીએ વિરોધ કેમ કરવો પડે છે? શું સરકાર આ સૂત્રોચ્ચારો પાછળના જનઆક્રોશને સમજીને કોઈ વચગાળાનો રસ્તો કાઢશે કે પછી આ આંદોલન વધુ મોટું સ્વરૂપ ધારણ કરશે? આ હાઈપ્રોફાઈલ પ્રદર્શનની દરેક પળની વિગતો અમે વાચકો સુધી પહોંચાડતા રહીશું.

# અમેરિકામાં રહેતા 18,000 ભારતીયો પર મોટું સંકટ: તાત્કાલિક દેશ છોડવાનો (ડિપોર્ટ કરવાનો) થયો આદેશ!

વિદેશ જઈને ડૉલર કમાવવાનું અને 'અમેરિકન ડ્રીમ' પૂરું કરવાનું સપનું જોનારા ભારતીયો માટે વોશિંગ્ટનથી એક અત્યંત આંચકાજનક અને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. અમેરિકામાં ગેરકાયદેસર રીતે અથવા નિયમોનું ઉલ્લંઘન કરીને વસવાટ કરી રહેલા આશરે 18,000 જેટલા ભારતીય નાગરિકો પર ડિપોર્ટેશન (દેશનિકાલ) નું મોટું સંકટ તોળાઈ રહ્યું છે. યુએસ (US) સત્તાવાળાઓ દ્વારા આવા નાગરિકોને તાત્કાલિક અસરથી ડિપોર્ટ કરવાનો આદેશ અપાતા જ અમેરિકામાં રહેતા ભારતીય સમુદાય અને ખાસ કરીને ગુજરાતી પરિવારોમાં ભારે ફફડાટ અને દોડધામ મચી ગઈ છે.

### કેમ લેવાયો આટલો કડક નિર્ણય?

મળતી વિગતો અનુસાર, અમેરિકામાં નવી સરકારના આગમન બાદ ઈમિગ્રેશન કાયદાઓ અત્યંત કડક બનાવી દેવામાં આવ્યા છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ, જે 18,000 ભારતીયોને ડિપોર્ટ કરવાનો આદેશ અપાયો છે, તેમાંથી મોટાભાગના એવા લોકો છે જેઓ કાં તો મેક્સિકો બોર્ડર અથવા અન્ય ગેરકાયદેસર રસ્તેથી (ડંકી મારીને) અમેરિકામાં ઘૂસ્યા હતા, અથવા તો તેમના વિઝાની અવધિ પૂરી થઈ ગઈ હોવા છતાં તેઓ ત્યાં ગેરકાયદેસર રીતે રોકાઈ ગયા હતા. અમેરિકન એજન્સીઓએ આવા લોકોનું લિસ્ટ તૈયાર કરીને કાયદાકીય પ્રક્રિયા ઝડપી બનાવી દીધી છે.

### ગુજરાતી પરિવારોની ચિંતામાં તોતિંગ વધારો

ગુજરાતમાંથી દર વર્ષે સેંકડો યુવાનો લાખો કરોડો રૂપિયા ખર્ચીને એજન્ટોના સહારે અમેરિકા જતા હોય છે. આ 18,000 લોકોની યાદીમાં ગુજરાતના મહેસાણા, ગાંધીનગર, આણંદ અને અમદાવાદ પંથકના અનેક યુવાનો સામેલ હોવાની આશંકા સેવાઈ રહી છે. વિદેશમાં કમાઈને સ્થિર થવા ગયેલા સંતાનો પર અચાનક આવી પડેલી આ આફતના સમાચારથી ગુજરાતમાં રહેતા તેમના માતા-પિતા અને પરિવારોના જીવ અધ્ધર થઈ ગયા છે. ઘણા પરિવારોએ કાયદાકીય મદદ મેળવવા માટે અમેરિકાના વકીલોનો સંપર્ક કરવાનું શરૂ કરી દીધું છે.

# 'શ્રીકાંત'ને રાષ્ટ્રીય ગૌરવ; ભાવુક થયા તુષાર હીરાનંદાની અને નિધિ પરમાર

નિર્દેશક તુષાર હીરાનંદાની અને નિર્માતા નિધિ પરમાર હીરાનંદાની માટે આ અત્યંત ગૌરવ અને




લાગણીસભર ક્ષણ છે. તેમની ફિલ્મ 'શ્રીકાંત'ને 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં શ્રેષ્ઠ હિન્દી ફીચર ફિલ્મનો સન્માન મળ્યો છે. ઉદ્યોગપતિ શ્રીકાંત બોલાના જીવન પર આધારિત આ ફિલ્મમાં રાજકુમાર રાવે મુખ્ય ભૂમિકા ભજવી હતી. વર્ષ 2024માં રિલીઝ થયેલી આ ફિલ્મને તેની સરળ પરંતુ પ્રભાવશાળી વાર્તા, સંવેદનશીલ રજૂઆત અને રાજકુમાર રાવના ઉત્કૃષ્ટ અભિનય માટે દર્શકો તેમજ સમીક્ષકો તરફથી ભરપૂર પ્રશંસા મળી હતી. છેલ્લા એક વર્ષ દરમિયાન ફિલ્મે અનેક પ્રતિષ્ઠિત પુરસ્કારો પણ પોતાના નામે કર્યા છે.

'સાંડ કી આંખ', 'સ્કેમ 2003' અને 'શ્રીકાંત' જેવી ચર્ચિત ફિલ્મો અને પ્રોજેક્ટ્સનું દિગ્દર્શન કરી ચૂકેલા તુષાર હીરાનંદાની માટે આ સન્માન વધુ વિશેષ છે, કારણ કે 'શ્રીકાંત' તેમના દિલની ખૂબ નજીકની ફિલ્મ રહી છે. દિગ્દર્શક તરીકેની શરૂઆત પહેલાંથી જ તેઓ શ્રીકાંત બોલાના જીવન પર ફિલ્મ બનાવવા ઈચ્છતા હતા અને આ વાર્તાના અધિકારો મેળવવા માટે વર્ષો સુધી પ્રયત્નશીલ રહ્યા હતા. બીજી તરફ તેમની સહયોગી અને પત્ની નિધિ પરમાર હીરાનંદાનીએ ફિલ્મના વિકાસના પ્રારંભિક તબક્કાથી લઈને તેની રિલીઝ સુધી દરેક પગલે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

### આ સિદ્ધિ અંગે ખુશી વ્યક્ત કરતાં તુષાર હીરાનંદાનીએ કહ્યું,

'હું ખૂબ જ ભાવુક છું અને દિલથી આભારી છું. રાષ્ટ્રીય પુરસ્કાર દરેક ફિલ્મકારનું સપનું હોય છે, અને 'શ્રીકાંત' માટે આ સન્માન મળવું મારા માટે વધુ વિશેષ છે, કારણ કે અમે આ ફિલ્મ સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા સાથે બનાવી હતી. શ્રીકાંત બોલાનું જીવન આપણને શીખવે છે કે સૌથી મોટી અડચણો આપણા શારીરિક મર્યાદાઓ નહીં, પરંતુ સમાજ દ્વારા ઊભી કરવામાં આવેલી માન્યતાઓ હોય છે. આ સન્માન શ્રીકાંતનું છે, રાજકુમાર રાવનું છે જેમણે આ પાત્રમાં પોતાની સંપૂર્ણ આત્મા ઝોકી દીધી, અમારા લેખકો, નિર્માતાઓ, કલાકારો, સમગ્ર ટીમ અને દરેક એવા વ્યક્તિનું છે જેમણે આ વાર્તા પર વિશ્વાસ વ્યક્ત કર્યો. મને આશા છે કે આ સન્માન એવી વધુ પ્રેરણાદાયી વાર્તાઓને આગળ લાવવાની પ્રેરણા આપશે, જે સંઘર્ષ અને હિંમતની ઉજવણી કરે, સહાનુભૂતિની નહીં. આજનો દિવસ દરેક એવા વ્યક્તિની જીત છે જે પોતાની મર્યાદાઓને પોતાની ઓળખ બનવા દેતો નથી.'

ફિલ્મની નિર્માતા નિધિ પરમાર હીરાનંદાની, જેમણે તુષાર હીરાનંદાની સાથે તેમના બેનર 'ચૉક એન્ડ ચીઝ ફિલ્મ્સ' હેઠળ આ ફિલ્મનું નિર્માણ કર્યું, તેમણે જણાવ્યું, 'આ પુરસ્કાર અમારા માટે ખૂબ જ વ્યક્તિગત અને ભાવનાત્મક છે, કારણ કે 'શ્રીકાંત' અમારા માટે માત્ર એક ફિલ્મ નહોતી. જે દિવસે અમે શ્રીકાંત બોલાની પ્રેરણાદાયી કહાનીને પડદા પર લાવવાનો નિર્ણય કર્યો, એ જ દિવસે નક્કી કર્યું હતું કે તેને સંપૂર્ણ પ્રામાણિકતા, સંવેદનશીલતા અને દિલથી રજૂ કરીશું. શ્રેષ્ઠ હિન્દી ફીચર ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર મળવો અમારી સમગ્ર સફરની સૌથી મોટી ખુશી છે. હું અમારા તમામ સહ-નિર્માતાઓ, સહયોગીઓ અને દર્શકોની દિલથી આભારી છું, જેમણે આ ફિલ્મને એટલો પ્રેમ આપ્યો. સૌથી વધુ આ સન્માન શ્રીકાંતનું છે, જેમની હિંમત અને સકારાત્મક વિચારસરણી આપણાં બધાને સતત પ્રેરણા આપે છે. અમને આશા છે કે આ સિદ્ધિ વધુ ફિલ્મકારોને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે તેવી અર્થપૂર્ણ વાર્તાઓ કહેવા માટે પ્રેરિત કરશે.' ટી-સિરિઝ અને ચૉક એન્ડ ચીઝ ફિલ્મ્સ દ્વારા નિર્મિત 'શ્રીકાંત'માં રાજકુમાર રાવ, જ્યોતિકા, અલાયા એફ અને શરદ કેલકરે મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી છે. આ ફિલ્મ દ્રષ્ટિબાધિત ઉદ્યોગપતિ શ્રીકાંત બોલાના પ્રેરણાદાયી જીવન પર આધારિત છે, જેમણે અનેક સામાજિક અને વ્યવસ્થાકીય પડકારોનો સામનો કરીને બોલન્ટ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી અને સફળતાનું નવું ઉદાહરણ પૂરું પાડ્યું. ફિલ્મની એક વધુ વિશેષતા એ રહી કે તેમાં 70થી વધુ દિવ્યાંગ કલાકારોને સામેલ કરવામાં આવ્યા, જેના કારણે પડદા પર વાસ્તવિક અને સર્વસમાવેશક પ્રતિનિધિત્વને પ્રોત્સાહન મળ્યું.

# રામ મંદિર દાન ચોરી મુદ્દે રાહુલ ગાંધીનું રહસ્યમય મૌન! મોદી અને સંઘને બેકફૂટ પર ધકેલવાની સૌથી મોટી તક કૉંગ્રેસ ચૂક્યું?

### શિસ્ત અને નિષ્ઠાના દાવા કરતા 'હિન્દુત્વના ઠેકેદારો'ને પિંજરામાં ઊભા રાખવાની સોનેરી તક હતી: સંઘના માણસોના નામો ઉછળ્યા છતાં વિપક્ષે કેમ ન ખોલ્યું મોઢું? 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો તીખો સવાલ

પાક્કો ગુજરાત ન્યૂઝ

અયોધ્યા રામ મંદિરના નિર્માણ અને તેની પવિત્રતા સાથે દેશના કરોડો હિન્દુઓની આસ્થા જોડાયેલી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી રામ મંદિરના દાનમાં ગંભીર પ્રકારની ચોરી અને કથિત કૌભાંડોના જે મુદ્દાઓ સોશિયલ મીડિયાથી લઈને રાજકીય ગલિયારાઓમાં ચર્ચાનો વિષય બન્યા છે, તેણે સમગ્ર દેશને ચોંકાવી દીધો છે. આ સમગ્ર વિવાદમાં સૌથી વધુ આશ્ચર્યજનક બાબત એ છે કે, વિપક્ષના આક્રમક નેતા રાહુલ ગાંધી તરફથી આ મુદ્દે કોઈ સત્તાવાર કે ધારદાર નિવેદન હજુ સુધી સામે આવ્યું નથી. રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે, પીએમ મોદી અને આરએસએસ (RSS) ને ચોખ્ખા શબ્દોમાં ઘેરવાની એક બહુ મોટી તક રાહુલ ગાંધી ચૂકી ગયા છે.

### સંઘના માણસો પર સીધા આક્ષેપ, છતાં રાહુલ કેમ શાંત?

રામ મંદિર ટ્રસ્ટ અને તેની આસપાસની જમીનોના સોદા તેમજ દાનની રકમના વહીવટમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને શાસક પક્ષ સાથે સીધી રીતે જોડાયેલા કેટલાક સ્થાનિક નેતાઓ અને માણસોના નામો ચર્ચામાં આવ્યા હતા. જે સંઘ અને ભાજપ પોતાની જાતને સંસ્કાર, શિસ્ત અને નિષ્ઠાના પ્રતીક માને છે અને હિન્દુત્વના એકમાત્ર ઠેકેદાર થઈને ફરે છે, તેમને આ મુદ્દે બરાબરના ભીંસમાં લઈ શકાયા હોત. જો રાહુલ ગાંધીએ આ મુદ્દો સંસદથી લઈને સડક સુધી જોરશોરથી ઉઠાવ્યો હોત, તો રામ મંદિર બનાવવાનો સંપૂર્ણ શ્રેય પોતાના શિરે લઈને ફરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની આખી સરકાર ડિફેન્સિવ મોડમાં આવી ગઈ હોત.

### 'સૉફ્ટ હિન્દુત્વ'ની રણનીતિ નડી ગઈ કે પછી રણનીતિનો અભાવ?

રાજકીય પંડિતોનું કહેવું છે કે, કૉંગ્રેસ અને રાહુલ ગાંધી કદાચ એ વાતથી ડરી ગયા કે જો તેઓ રામ મંદિરના મુદ્દે વધુ આક્રમક થશે, તો ભાજપ તેને ફરીથી 'રામ વિરોધી' અથવા 'હિન્દુ વિરોધી' ચિતરીને હિન્દુ મતોનું ધ્રુવીકરણ કરી નાખશે. પોતાના 'સૉફ્ટ હિન્દુત્વ'ની છબી બચાવવાની લાયમાં કૉંગ્રેસે આ અબજો રૂપિયાની આસ્થા સાથે જોડાયેલા દાનના ભ્રષ્ટાચારના મુદ્દાને એમનેમ જ જવા દીધો. પરંતુ સવાલ એ થાય છે કે, જો રામના નામે જનતા પાસેથી ઉઘરાવેલા દાનમાં જ કથિત ચોરી થતી હોય, તો વિપક્ષ તરીકે જનતાનો અવાજ બુલંદ કરવો એ તેમની ફરજ નથી?

### 'પાક્કો ગુજરાત'નો પ્રચંડ સવાલ: આ મૌન પાછળનું અસલી રહસ્ય શું?

વિપક્ષનું કામ માત્ર સામાન્ય મુદ્દાઓ પર ટ્વિટ કરવાનું કે નરેટીવ સેટ કરવાનું નથી, પરંતુ જ્યારે શાસક પક્ષ પોતાની સૌથી મજબૂત પીચ (રામ મંદિર) પર નબળો પડતો દેખાય, ત્યારે તેને ચોગ્ગા-છગ્ગા મારવાનો હોય છે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ' સીધો સવાલ પૂછે છે કે - રાહુલ ગાંધી વારંવાર અદાણી-અંબાણી કે બંધારણના મુદ્દે પીએમ મોદી પર પ્રહારો કરે છે, તો પછી રામ મંદિર દાન ચોરી જેવા સંવેદનશીલ મુદ્દે કેમ સાપ સૂંઘી ગયો? શું કૉંગ્રેસ હજુ પણ ભાજપની પિચ પર રમતા ડરે છે? વિપક્ષની આ ઢીલી નીતિના કારણે જ ભાજપ ગમે તેવા વિવાદોમાંથી પણ હેમખેમ બહાર નીકળી જાય છે, તે વાત હવે જનતા પણ સમજી ચૂકી છે.

# અરીસો આઘાતજનક છે: વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઇન્ડેક્સ 2026માં ભારત 157મા ક્રમે

### સવાલ જ્ઞાનનો નથી, સવાલ 'સરેન્ડર' થઈ ગયેલી કલમનો છે: લોકશાહીના ચોથા સ્તંભને જાહેરાતોના જોરે હાંકનારાઓ સામે 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો ખુલ્લો આક્રોશ

પાક્કો ગુજરાત ન્યૂઝ

વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ 2026ના તાજેતરના આંકડા જાહેર થઈ ચૂક્યા છે. દુનિયાના 180 દેશોની યાદીમાં ભારત છેક 157મા ક્રમે પટકાયું છે. પત્રકારત્વની આ વૈશ્વિક પડતી પાછળ માત્ર દિલ્હીનું નેશનલ ગોદી મીડિયા જ જવાબદાર છે, તેવું માની લેવાની ભૂલ કરવા જેવી નથી. ભારતને આ 'ગૌરવશાળી' નીચલા ક્રમે પહોંચાડવામાં આપણા પ્રાદેશિક અને ખાસ કરીને ગુજરાતી મીડિયાએ પણ ખભેખભા મિલાવીને પૂરેપૂરું 'યોગદાન' આપ્યું છે. આજે પત્રકારત્વ જનતાનો અવાજ બનવાને બદલે સત્તાના ચમચા જેવું ભાસી રહ્યું છે ત્યારે આ આંકડો બિલકુલ આશ્ચર્યજનક નથી. સામાન્ય જ્ઞાન (કોમન સેન્સ) પર સવાલ ઉઠાવવો મનાઈ છે! આજના પત્રકારત્વની હાલત એવી થઈ ગઈ છે કે વાચકો કે દર્શકોએ પત્રકારોના જ્ઞાન કે તેમની બુદ્ધિ ક્ષમતા પર સવાલ ઉઠાવવાનો નથી. ગંભીર લોકશાહી મુદ્દાઓ, બેરોજગારી, મોંઘવારી કે ભ્રષ્ટાચાર પર ડિબેટ કે ન્યૂઝ આપવાને બદલે જનતાને કયા નેતાએ સવારે શું ખાધું, કયા મંત્રી ક્યાં ફરવા ગયા અને કઈ અભિનેત્રીએ કેવા કપડાં પહેર્યા - બસ આવા જ 'બ્રેકિંગ ન્યૂઝ' પીરસવામાં આવી રહ્યા છે. પત્રકારત્વમાંથી તથ્યો અને સામાન્ય જ્ઞાન ગાયબ થઈ ચૂક્યા છે, પણ હા... તમારે સવાલ તો બિલકુલ પૂછવાનો નથી! 'ગોદી મીડિયા' ન કહેવું, આ તો 'ભક્તિ' છે! જનતા હવે જાગૃત થઈ છે અને મીડિયાના એક મોટા વર્ગને ખુલ્લેઆમ 'ગોદી મીડિયા' તરીકે ઓળખાવે છે. પરંતુ આ મીડિયા હાઉસના માલિકો અને એન્કરો એમ માને છે કે તેઓ કોઈ પક્ષપાત નથી કરી રહ્યા, તેઓ તો માત્ર રાષ્ટ્રહિત (વાંચો: સત્તાધારી હિત) નું કામ કરી રહ્યા છે. જે પત્રકારત્વનું કામ સત્તાને સણસણતા સવાલો પૂછીને પિંજરામાં ઊભી રાખવાનું હતું, તે પત્રકારત્વ આજે સત્તાના બચાવમાં વકીલાત કરતું નજરે પડે છે. વિપક્ષને સવાલો પૂછવા અને શાસકોની આરતી ઉતારવી એ જ જાણે આજના પદ્ધતિસરના પત્રકારત્વનો નવો નિયમ બની ગયો છે. સરકારી જાહેરાતોના કરોડો રૂપિયા અને મૌનનો સોદો! સૌથી મોટો અને કડવો લાડુ એ છે કે 'સરકારી જાહેરાતો' પર તો કોઈએ જીભ પણ હલાવવાની નથી. કરોડો રૂપિયાની સરકારી જાહેરાતોના જોરે જ મોટાભાગના અખબારો અને ટીવી ચેનલોના આર્થિક વહીવટો ચાલે છે. જે હાથ તમને કમાણી કરાવી આપતો હોય, તે હાથની આંગળી તમે કેમ પકડી શકો? આ જ કારણે જનતાના કરોડો રૂપિયાના ટેક્સની બરબાદી થતી હોય, તંત્રની ઘોર બેદરકારીથી નિર્દોષોના મોત થતા હોય, તો પણ મીડિયા કાં તો મૌન સેવે છે અથવા તો મુદ્દાને ડાયવર્ટ કરી નાખે છે.



### પર્યાવરણના નામે સરપંચની દાદાગીરી : ડભોઇના ફરતીકુઇ ગામમાં

# મંજૂરી વગર 30 વર્ષ જૂના લીલાછમ વૃક્ષો કાપી નાખ્યા

- 'વૃક્ષારોપણ કરો, પર્યાવરણ બચાવો'ના સરકારી સૂત્રનું પંચાયતે જ કર્યું નિકંદન
- જાગૃત ગ્રામજનો મામલતદાર કચેરીએ પહોંચ્યા, ગુનો છુપાવવા બપોરે 3 વાગ્યે લેટરપેડ પર જુઠ્ઠાણું વહેતું કર્યું!

ડભોઇ

એક તરફ રાજ્ય અને કેન્દ્ર સરકાર 'એક પેડ મા કે નામ' અને 'વૃક્ષારોપણ કરો, પર્યાવરણ બચાવો' જેવા મસમોટા સૂત્રો અને કરોડો રૂપિયાના ખર્ચે જાહેરાતો કરીને કુદરતની રક્ષા કરવાની વાતો કરે છે. પરંતુ વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકાના ફરતીકુઇ ગામમાં કાયદાના રક્ષક જ ભક્ષક બન્યા હોય તેવો શરમજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગામના બસ સ્ટેશન રોડ પર વિકાસ મંડળી પાસે આવેલા ૩૦ વર્ષ જૂના આસ્થા સમાન અને ઓક્સિજન આપતા ૪ (ચાર) મોટા ગુલમોહોરના લીલાછમ વૃક્ષોને કોઈ પણ પ્રકારની વહીવટી મંજૂરી કે ઠરાવ વગર જમીનદોસ્ત કરી નાખવામાં આવ્યા છે. સરપંચની આ જોહુકમી સામે ગામના જાગૃત નાગરિકોએ રણશિંગું ફૂંકતા સમગ્ર તાલુકામાં ભારે હોબાળો મચી ગયો છે.

મળતી વિગતો અનુસાર, બસ સ્ટેશન રોડ પર વિકાસ મંડળી પાસે આશરે ૩૦ વર્ષ જૂના ઘટાદાર ગુલમોહોરના વૃક્ષો આવેલા હતા. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને માત્ર વૃક્ષોની નડતરરૂપ ડાળીઓ (ઉપરનું મારણ) કાપવાની જરૂર હતી. પરંતુ સરપંચ અને પંચાયતની મિલીભગતથી આખેઆખા લીલાછમ ૪ વૃક્ષોને થડમાંથી જ કાપી નાખીને પર્યાવરણનું ક્રૂરતાપૂર્વક નિકંદન કાઢી નાખવામાં આવ્યું. બાજુમાં સ્કૂલ હોવાનું અને ઈલેક્ટ્રિક વાયરો જતા હોવાનું સસ્તું બહાનું ધરીને આ ગંભીર પાપને છુપાવવાનો પ્રયાસ કરાયો છે.

આ ગેરકાયદેસર અને પર્યાવરણ વિરોધી કૃત્ય સામે ગામના જાગૃત નાગરિકો પટેલ રિતેશ દેવેન્દ્રભાઈ અને પટેલ રવિ કુમાર મહેશભાઈએ હિંમત બતાવી હતી. તેમણે બપોરે બરાબર ૧૨:૦૦ વાગ્યે ડભોઇ મામલતદાર કચેરી ખાતે લેખિતમાં ગેરકાયદે વૃક્ષો કાપવા અંગેની અરજી આપી દીધી અને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી. જેવા આ મામલતદાર કચેરીના સમાચાર સરપંચ સુધી પહોંચ્યા, કે તરત જ પંચાયતના સત્તાધીશોના પગ નીચેથી જમીન સરકી ગઈ! પોતાની ચામડી બચાવવા માટે સરપંચે તાત્કાલિક પંચાયતમાં બેસીને બપોરે ૩:૦૦ વાગ્યા પછી ઉતાવળે એક ઠરાવ કર્યો અને લેટરપેડ ઉપર ૧૮મી જુલાઈના રોજ જ 'પંચ રૂબરૂ માત્ર ડાળીઓ કાપી છે' તેવું જુઠ્ઠાણું લખીને પત્ર જાહેર કરી દીધો. પરંતુ જમીન પર વાસ્તવિકતા એ છે કે વૃક્ષો ડાળીઓથી નહીં, થડમાંથી ગાયબ કરી દેવાયા છે.

આ મામલે ગામના અન્ય જાગૃત નાગરિક મૌલિક જશુભાઈ પટેલે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગામના જવાબદાર સરપંચ દ્વારા જ આ રીતે વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવે તે અત્યંત નિંદનીય છે, આનાથી પર્યાવરણને મોટું નુકસાન થયું છે. જ્યારે મયુરભાઈ પટેલે પણ આક્રોશ સાથે જણાવ્યું કે આવા બિનજરૂરી લીલા વૃક્ષો કાપનારા તમામ લાગતા-વળગતા ઈસમો સામે ફોરેસ્ટ એક્ટ અને કાયદાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને જેલભેગા કરવા જોઈએ.



### 6 જુગારીઓ રૂ. 2.12 લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપાયા

## ખાખીજાળીયા ગામની સીમમાં ચાલતા જુગારધામ પર ભાયાવદર પોલીસનો દરોડો

રાજકોટ

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ચાલી રહેલી પ્રોહિબિશન અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નેસ્તનાબૂદ કરવા માટે રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર દ્વારા 'Zero Tolerance to Prohibition & Gambling' ની નીતિ અંતર્ગત કડક સૂચનાઓ આપવામાં આવેલી છે. આ સૂચના અન્વયે ધોરાજી વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ ભાયાવદર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી.જાડેજા તથા તેમની ટીમ વિસ્તારમાં કાર્યરત હતી. આ દરમિયાન પોલીસ ટીમને મળેલી ચોક્કસ ખાનગી બાતમીના આધારે ભાયાવદરના ખાખીજાળીયા ગામની સીમમાં રેઈડ કરવામાં આવી હતી, જ્યાંથી જુગાર રમતા ૬ આરોપીઓને કુલ રૂ. ૨,૧૨,૨૫૦/- ના મોટા મુદ્દામાલ સાથે રંગેહાથ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસના દરોડા દરમિયાન સ્થળ પરથી અટક કરવામાં આવેલા આરોપીઓમાં (૧) મસરીભાઈ બાવાભાઈ બારૈયા (રહે. ગામ ખાખીજાળીયા, તા. ઉપલેટા), (૨) ભાવિનભાઈ મથુરભાઈ ઉદેશી (રહે. ભાયાવદર, તા. ઉપલેટા), (૩) રામદેભાઈ કારાભાઈ સુવા (રહે. ગામ મોજીરા, તા. ઉપલેટા), (૪) મનસુખ ઉર્ફે અશ્વીન ખીમાભાઈ કારેણા (રહે. ગામ ઘેટીયાખાંભીરસરા, તા. ઉપલેટા), (૫) પંકજભાઈ ગાંગજીભાઈ સખીયા (રહે. ગામ અરણી, તા. ઉપલેટા) અને (૬) નાગપાલભાઈ નાજાભાઈ જલુ (રહે. ગામ ગણોદ, તા. ઉપલેટા) નો સમાવેશ થાય છે. પોલીસે આ તમામ શખ્સો પાસેથી રોકડા રૂપિયા ૧,૦૬,૭૫૦/-, જુગારને લગતું સાહિત્ય ગંજીપતાના પાના અને ટોકન, રૂપિયા ૨૫,૫૦૦/- ની કિંમતના ૬ નંગ મોબાઈલ ફોન તેમજ રૂપિયા ૮૦,૦૦૦/- ની કિંમતના ૪ મોટર સાયકલ મળીને કુલ રૂપિયા ૨,૧૨,૨૫૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે.

### વાંમી ગામે ગૌચરની સરકારી જમીન પર ગેરકાયદે દબાણનો આક્ષેપ

## મુખ્યમંત્રીથી લઈને જિલ્લા કલેક્ટર સુધી રજૂઆત : તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ

થરાદ, પ્રતિનિધિ

થરાદ તાલુકાના વાંમી ગામમાં સરકારી ગૌચરની જમીન પર મોટા પ્રમાણમાં ગેરકાયદે દબાણ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરતી અરજી રાજ્યના મુખ્યમંત્રી, ગુજરાત સરકાર, મહેસૂલ વિભાગના અધિકારીઓ તેમજ જિલ્લા કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓને કરવામાં આવી છે.

અરજદાર મનુભાઈ રૂપશીભાઈ જોષી ના જણાવ્યા મુજબ ગામની ગૌચરની અંદાજે 50 ટકા જેટલી



જમીન પર કેટલાક લોકો દ્વારા સરકારની મંજૂરી વિના પાકનું વાવેતર કરવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં, સરકારના ચોપડે પણ આ જમીન પર પાક બતાવવામાં આવતો હોવાનો આક્ષેપ અરજીમાં કરવામાં આવ્યો છે. એટલું જ નહી પરંતુ ખોટી રીતે દબાણો કરી ને પાકા મકાનો ગામના ગોદરે બનાવી દેવાયા હોવાના પણ આક્ષેપ કરવામાં આવ્યા છે અરજીમાં વધુમાં જણાવાયું છે કે ગૌચરની જમીન પશુઓના ચરિયાણ માટે અનામત હોય છે, છતાં તેના પર ગેરકાયદે કબજો કરીને ખેતી કરવામાં આવી રહી છે. આ બાબતે વિરોધ કરનારાઓને ધમકીઓ આપવામાં આવતી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. અરજદારે સરકાર અને જિલ્લા તંત્રને ગેરકાયદે દબાણો દૂર કરવા, સંબંધિત લોકોને નોટિસ આપી કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ જરૂરી હોય તો પોલીસ બંદોબસ્ત સાથે દબાણ દૂર કરવાની માંગ કરી છે. આ અરજીની નકલો મુખ્યમંત્રી, મહેસૂલ મંત્રી, ગુજરાત રાજ્યના મહેસૂલ વિભાગ, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા કલેક્ટર, પ્રાંત અધિકારી, મામલતદાર તથા તાલુકા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓને મોકલવામાં આવી હોવાનું પણ અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## વડોદરા: હિટ એન્ડ રન કેસમાં MSUના હોનહાર વિદ્યાર્થીનું કરુણ મોત, નંબર પ્લેટ વગરની કાર સાથે ચાલક ઝડપાયો

વડોદરા

વડોદરા શહેરમાં ફરી એકવાર બેફામ ડ્રાઈવિંગે એક માસૂમ અને આશાસ્પદ વિદ્યાર્થીનો ભોગ લીધો છે. કારેલીબાગ વિસ્તારમાં સર્જાયેલા એક ભયાનક અકસ્માતમાં વડોદરાની પ્રખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) ની સાયન્સ ફેકલ્ટીના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા ત્રણ વિદ્યાર્થીઓને એક પુરપાટ ઝડપે આવતી કારે અડફેટે લીધા હતા. આ ગંભીર હિટ એન્ડ રનની ઘટનામાં એક વિદ્યાર્થીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે અન્ય બે વિદ્યાર્થીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સારવાર હેઠળ છે.

સાયન્સ ફેકલ્ટીના પ્રથમ વર્ષના ત્રણ વિદ્યાર્થીઓ કારેલીબાગ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, તે દરમિયાન એક નંબર પ્લેટ વગરની i20 કારના ચાલકે ગફલતભરી રીતે ગાડી ચલાવી ત્રણેય વિદ્યાર્થીઓને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે વિદ્યાર્થીઓ હવામાં ફગાઈને રસ્તા પર પટકાયા હતા.

અકસ્માતને પગલે સ્થાનિક લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ત્રણેય ઈજાગ્રસ્તોને સયાજી હોસ્પિટલ ખસેડ્યા હતા. જો કે, આ ત્રણ પૈકી ઋતુરાજ નામના વિદ્યાર્થીને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હોવાથી, ટૂંકી સારવાર બાદ તેનું કરુણ મોત નીપજ્યું હતું. ઋતુરાજના અકાળે અવસાનથી યુનિવર્સિટી કેમ્પસ અને તેના પરિવારમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.

### સુરતના પાલ વિસ્તારમાં ફિલ્મી સ્ટાઈલથી તોડબાજી

## પરફ્યુમના વેપારીને ચાકુ બતાવી 10 લાખની ખંડણી માંગનારા 3 શખ્સોને દબોચી લેતી પોલીસ!

સુરત

ડાયમંડ સિટી સુરતમાં અસામાજિક અને ગુનાહિત તત્વો જાણે બેફામ બન્યા હોય તેવો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના પોશ ગણાતા પાલ વિસ્તારમાં એક પરફ્યુમના વેપારીને આંતરીને, ધોળા દિવસે ચાકુની અણીએ ધમકાવી રૂ. ૧૦ લાખની મજબૂત ખંડણી (તોડ) માંગવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. જો કે, વેપારીની હિંમત અને સુરત પોલીસની ત્વરિત કાર્યવાહીના કારણે આ ફિલ્મી સ્ટાઈલથી લૂંટ ચલાવવાનું સપનું જોનારા ત્રણેય લુખ્ખા તત્વોને પાલ પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી કાયદાનો અસલી પાઠ ભણાવ્યો છે.

મળતી વિગતો અનુસાર, પાલ વિસ્તારમાં પરફ્યુમનો વેપાર કરતા વેપારીને આ ત્રણેય આરોપીઓએ નિશાન બનાવ્યો હતો. આરોપીઓએ વેપારીને ઘેરી લીધો હતો અને અચાનક જ તીક્ષ્ણ ચાકુ બતાવીને જીવથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીઓએ ભારે દાદાગીરી સાથે વેપારી પાસે તાત્કાલિક ૧૦ લાખ રૂપિયાની ખંડણીની માંગણી કરી હતી. જો વેપારી પૈસા ન આપે તો તેને અને તેના પરિવારને મોટું નુકસાન પહોંચાડવાની ધમકી પણ આપવામાં આવી હતી. આ અણધારી આફતથી વેપારી એક ક્ષણ માટે સ્તબ્ધ થઈ ગયો હતો, પરંતુ તેણે હિંમત હાર્યા વગર પોલીસનો સંપર્ક કરવાનું નક્કી કર્યું.

વેપારીએ આ સમગ્ર મામલે પાલ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવતા જ પોલીસ કાફલો તાત્કાલિક એક્શન મોડમાં આવી ગયો હતો. સુરત પોલીસ કમિશનર (CP Surat) ની કડક સૂચના અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ગુનેગારો સામેની 'ઝીરો ટોલરન્સ' નીતિ અંતર્ગત પોલીસે જુદી-જુદી ટીમો બનાવીને આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા. સીસીટીવી કેમેરા અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી પાલ પોલીસે ગણતરીના કલાકોમાં જ આ ગુનામાં સામેલ ત્રણેય આરોપીઓને દબોચી લીધા હતા અને તેમની પાસેથી ગુનામાં વપરાયેલું હથિયાર પણ જપ્ત કરી લીધું છે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ' સવાલ પૂછે છે કે, શાંત ગણાતા સુરત શહેરમાં વેપારીઓ પર આ રીતે ચાકુ બતાવી ખંડણી માંગવાની હિંમત આ લુખ્ખા તત્વોમાં ક્યાંથી આવે છે?

## ગોંડલ-કોટડા સાંગાણી રોડ લોહીથી ખરડાયો: કાર અને એક્ટિવા વચ્ચે ગમખ્વાર અકસ્માત, બે સગા મામા-ફોઈના ભાઈઓના કરુણ મોત!

ગોંડલ

રાજકોટ જિલ્લાના ગોંડલ પંથકમાંથી એક અત્યંત અરેરાટીભરી અને હૃદય ધ્રુજાવી દેતી અકસ્માતની ઘટના સામે આવી છે. ગોંડલ-કોટડા સાંગાણી રોડ પર એક પૂરપાટ ઝડપે દોડતી કાર અને એક્ટિવા વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં બે સગા મામા-ફોઈના કિશોર ભાઈઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. એકસાથે બે આશાસ્પદ કિશોરોના અકાળે કાળજી ચીરી નાખે તેવા મોતના પગલે બંને પરિવારો પર વજ્રઘાત થયો છે અને સમગ્ર પંથકમાં ભારે શોકની કાલિમા છવાઈ ગઈ છે. મળતી વિગતો અનુસાર, મામા-ફોઈના ભાઈઓ એવા બે કિશોરો પોતાનું એક્ટિવા સ્કૂટર લઈને ગોંડલ-કોટડા સાંગાણી રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન અચાનક જ સામેથી કાળ બનીને આવેલી એક બેફામ કારના ચાલકે એક્ટિવાને જોરદાર અને પ્રચંડ ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે એક્ટિવાના કુચ્ચેકુચ્ચા ઊડી ગયા હતા અને બંને કિશોરો હવામાં ફંગોળાઈને રોડ પર પટકાયા હતા. ગંભીર ઈજાઓ અને અતિશય લોહી વહી જવાના કારણે બંને કિશોરોએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. ચીસ અને ધડાકાનો અવાજ સાંભળીને આસપાસના સ્થાનિક રહીશો અને માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. અકસ્માતની જાણ થતાં જ પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

### ખાખીનો ગુનાખોરી પર સૌથી મોટો પ્રહાર!

## ભાવનગરમાં સ્પાની આડમાં ચાલતા સેક્સ રેકેટની 80 લાખની મિલકત જપ્ત

**દેહ વ્યાપાર અને હ્યુમન ટ્રાફિકિંગની કાળી કમાણી પર પોલીસે ફેરવ્યું કાયદાનું બુલડોઝર: રાજ્યમાં આ પ્રકારની પ્રથમ ઐતિહાસિક જપ્તીથી બૂટલેગરો અને અસામાજિક તત્વોમાં ફફડાટ**

ભાવનગર

ગુજરાત પોલીસ હવે ગુનેગારોને માત્ર જેલના સળિયા પાછળ જ નથી ધકેલી રહી, પરંતુ તેમની ગેરકાયદેસર કમાણીના સામ્રાજ્યને પણ નેસ્તનાબૂદ કરી રહી છે. ભાવનગર જિલ્લાની નીલમબાગ પોલીસે રાજ્યના ઈતિહાસમાં એક અભૂતપૂર્વ અને ક્રાંતિકારી કહી શકાય તેવી કાર્યવાહી અંજામ આપી છે. શહેરમાં સ્પા (Spa) ની આડમાં ચાલતા અનૈતિક દેહ વ્યાપાર અને માનવ તસ્કરી (Human Trafficking) ના કાળા કારોબારમાંથી વસૂલેલી અંદાજે રૂ. 80 લાખની માતબર મિલકત જપ્ત કરીને પોલીસે ગુનાખોરીના મૂળિયાં હચમચાવી દીધા છે. રાજ્ય સરકાર અને પોલીસ પ્રશાસન દ્વારા લેવાયેલા આ કડક સ્ટેપથી સ્પષ્ટ થઈ ગયું છે કે, ગુનો કરીને અઢળક પ્રોપર્ટી ઊભી કરનારાઓની ખેર નથી. નીલમબાગ પોલીસે જેહાદી અને અસામાજિક તત્વો સામે કાયદાનો એવો સકંજો કસ્યો છે કે આખું નેટવર્ક ધ્વસ્ત થઈ ગયું છે. માનવ તસ્કરી જેવા ગંભીર ગુનામાંથી કમાયેલા એક-એક રૂપિયાનો હિસાબ કરીને પોલીસે આશરે 80 લાખની મિલકત સીઝ (જપ્ત) કરી લીધી છે. ગુજરાતમાં આ પ્રકારના ગુનામાં આટલી મોટી પ્રોપર્ટી જપ્ત થઈ હોય તેવી આ પ્રથમ ઘટના છે. ભાવનગરના પોશ વિસ્તારમાં સ્પાની આડમાં દેશ-વિદેશની યુવતીઓ લાવીને દેહ વ્યાપારનો ગંદો ખેલ ખેલાતો હોવાનો પર્દાફાશ અગાઉ પોલીસે કર્યો હતો. માત્ર ધરપકડ કરીને સંતોષ માનવાને બદલે ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ નીલમબાગ પોલીસે આ ગુનાની ઉંડાણપૂર્વક નાણાકીય તપાસ (Financial Investigation) આદરી હતી. તપાસમાં સામે આવ્યું કે આરોપીઓએ યુવતીઓનું શોષણ કરીને આ મિલકતો વસાવી હતી, જેના પર હવે કાયદાનો કોરડો વીંઝાયો છે. મુખ્યમંત્રી કાર્યાલય (CMO) અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની 'ક્રાઈમ ફ્રી ગુજરાત' નીતિ અંતર્ગત ભાવનગર રેન્જ આઈજીપી અને જિલ્લા પોલીસ વડાની સૂચનાથી આ ઐતિહાસિક ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. આ કાર્યવાહીએ સ્પા એસોસિએશનો અને તેની આડમાં ગેરકાયદેસર ધંધા કરતા તત્વોને કડક ચેતવણી આપી દીધી છે કે જો પાપની કમાણી કરશો તો જેલ ભેગા તો થશો જ, સાથે આજીવન કમાયેલી મિલકત પણ સરકાર જપ્ત કરી લેશે.

## ડભોઇ તાલુકાના સેગુવાડા ગામે વરસાદી પાણી અને ઘર પાસે માટીના ઢગલા બાબતે ઝઘડો થતા બે ઇસમો ઇજાગ્રસ્ત થયા

ડભોઇ

ડભોઈ તાલુકાના સેગુવાડા ગામે વરસાદી પાણી અને ઘર પાસે માટીના ઢગલા બાબતે ઝઘડો થતા બે ઈસમો ઈજાગ્રસ્ત થતા બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાવા પામી હતી.

જાણવા મળતી માહિતી મુજબ ડભોઈ તાલુકાના સેગુવાડા ગામે રહેતા શબ્બીર ભાઈ સુબાભાઈ સિંધી ના ઘર પાસે બાજુમાં રહેતા ભયુ હમીદભાઈ ફરીદ નૂર મહંમદ વિગેરેનાઓ મકાનનું કામ કરી રહ્યા હતા દરમિયાન રોડના રસ્તા વચ્ચે માટીનો ઢગલો તેમજ વરસાદી પાણીના નિકાલ બંધ થઈ જતા પાણી શબ્બીરભાઈના વાડા અને ઘરમાં ઘૂસી જવા બાબતે થોડા દિવસ પહેલા બોલાચાલી થઈ હતી.

આજ રોજ સવારે બંને વચ્ચે ઉગ્રહ બોલા ચાલી થતા ભયુ હમીદ સાથેના ફરી નૂર મહંમદ રસીદ નુર મોહમ્મદ હમીર મોહમ્મદ નાસીર ઉસ્માન નિશાર અહેમદ ફિરોજ અહેમદ ભેગા મળી સબીરભાઈ તેમજ તેના પુત્ર માજીદ સબીર ભાઈ ને પાવડા વડે માર મારી લોહી લુહાણ કરતા ઈજાગ્રસ્તોને તાત્કાલિક 108 ઈમરજન્સીમાં હોસ્પિટલ વડોદરા સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

પોલીસે આ બનાવ અંગે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### RRUના મહિલા પ્રોફેસરની મેટ્રોમોનિયલ સાઈટ પર પ્રેમની જાળ ગૂંથાઈ

## સર્જરી દરમિયાન મોબાઈલ લોકની ફિંગરપ્રિન્ટ બદલીને 13.37 લાખની ઠગાઈ

ગાંધીનગર

ગાંધીનગર રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી(RRU)માં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા 36 વર્ષીય મહિલા પ્રોફેસર સાથે મેટ્રોમોનિયલ સાઈટના માધ્યમથી સંબંધ બાંધી વિશ્વાસ કેળવી બેરિયાટ્રિક સર્જરી દરમિયાન મોબાઈલ લોકની ફિંગર પ્રિન્ટ બદલીને નેટ બેંકિંગના પાસવર્ડ મેળવી 13.37 લાખની ઠગાઈ આચરનાર ભુજના શખ્સ વિરુદ્ધ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ લખનઉના વતની હાલ ચિલોડા ખાતે રહેતા મહિલા પ્રોફેસર સાડા ચાર વર્ષથી લવાડ ખાતે આવેલી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નોકરી કરે છે. આશરે એક વર્ષ પહેલા બેટર હાફ મેટ્રોમોનિયલ સાઈટ પર તેમનો સંપર્ક આરોપી મૂળ ભુજના અને હાલ બેંગ્લોર રહેતા હિતેશ ધીરેન ઠક્કર સાથે થયો હતો. શરૂઆતમાં થોડી વાતચીત બાદ ફરિયાદીએ તેની સાથે સંપર્ક તોડી નાખ્યો હતો, પરંતુ ગત 4મે 2026 ના રોજ આરોપીએ ફરી વ્હોટ્સએપ પર મેસેજ કરી વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો હતો અને બંને વચ્ચે ફરીથી વાતચીત શરૂ થઈ હતી.

આ દરમિયાન ફરિયાદીની તબિયત અને વજનના કારણે આરોપી હિતેશે તેમને બેરિયાટ્રિક સર્જરી કરાવવાની સલાહ આપી હતી. ગત 14મેના રોજ આરોપી ફરિયાદીને લઈને ગાંધીનગરની કે.ડી. હોસ્પિટલ ખાતે ગયો હતો. હોસ્પિટલમાં દાખલ થતી વખતે અને અગાઉની મુલાકાતો દરમિયાન આરોપીએ મીઠી-મીઠી વાતો કરી મહિલા પ્રોફેસરનો સંપૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો અને તેમના મોબાઈલ ફોનના તથા નેટ બેન્કિંગના પાસવર્ડ જાણી લીધા હતા.

બાદમાં 15 મેના રોજ જ્યારે મહિલા પ્રોફેસર ઓપરેશન થિયેટરમાં સર્જરી હેઠળ હતા. ત્યારે તેમનો મોબાઈલ ફોન હોસ્પિટલની બહાર હિતેશ પાસે હતો. આ સમયગાળાનો લાભ ઉઠાવીને આરોપીએ મોબાઈલ ફોનના ફિંગરપ્રિન્ટ લોકમાં પોતાની ફિંગરપ્રિન્ટ ઉમેરી દીધી હતી. ફરિયાદીના બેંક ખાતામાં મોટી રકમ પડી હોવાની જાણ હોવાથી આરોપીએ તેમની જાણ બહાર 16મેના રોજ રૂપિયા 18.15 લાખની ફિક્સ ડિપોઝિટ તોડી નાખી હતી. તેમાંથી હોસ્પિટલનું 6 લાખ રૂપિયાનું બિલ અને દવાનો ખર્ચ ચૂકવ્યા બાદ બાકી બચેલી રકમમાંથી 17 અને 18 મેના રોજ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરીને કુલ 12.50 લાખ પોતાના અંગત બેંક ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા.

ઉપરાંત ગત 31 મેના રોજ જ્યારે ફરિયાદીની તબિયત નાદુરસ્ત હતી ત્યારે પણ આરોપીએ તેમના ઘરે આવી મોબાઈલ ફોન મેળવી વધુ 50 હજાર સેરવી લીધા હતા.



### ફિલ્મ 2026 અને 2027માં બે ભાગમાં રિલીઝ થશે

# સીતા માતાનો રોલ કરવો સરળ નથી! સાઈ પલ્લવીએ કહ્યું- શક્ય એટલી મહેનત કરી

મુંબઈ

બોલિવૂડના દિગ્ગજ ડાયરેક્ટર નિતેશ તિવારીની આગામી મોસ્ટ અવેટેડ ફિલ્મ 'રામાયણ'ને લઈને ચાહકોની આતુરતાનો અંત આવ્યો છે. આ વર્ષની સૌથી મોટી ફિલ્મ ગણાતી 'રામાયણ'નું આજે ભવ્ય ટ્રેલર લોન્ચ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ફિલ્મમાં સીતા માતાનો આઈકોનિક રોલ કરી રહેલી સાઉથની સુપરસ્ટાર એક્ટ્રેસ સાઈ પલ્લવીએ પોતાના પાત્રને લઈને અનુભવ વિશે ખુલીને વાત કરી હતી. સાઈ પલ્લવીએ જણાવ્યું કે, ભગવાન રામની પત્ની અને આસ્થાનું પ્રતીક એવા સીતાજીનું પાત્ર ભજવવા માટે તેણે પોતાના વિચારો અને જીવનને શક્ય એટલું શુદ્ધ રાખવાનો પ્રયત્ન કર્યો છે. 'સીતા માતા, તમે જ મારા દ્વારા એક્ટિંગ કરો' ટ્રેલર લોન્ચ ઈવેન્ટ દરમિયાન સાઈ પલ્લવી ખૂબ જ ભાવુક દેખાઈ હતી. તેણે પોતાના પાત્ર વિશે વાત કરતા કહ્યું કે, "એક કલાકાર તરીકે આ પ્રકારની ભૂમિકા ભજવવી બિલકુલ સરળ નથી, કારણ કે પડદા પર એક દેવીનું પાત્ર જીવંત કરવાનું છે. મેં પોતે આ રોલ કરવાનું નક્કી નથી કર્યું, પરંતુ આ પાત્ર મારી પાસે આપોઆપ આવ્યું છે. આ શૂટિંગ દરમિયાન હું શાંતિથી બેસતી, ધ્યાન (મેડિટેશન) ધરતી અને મનોમન પ્રાર્થના કરતી કે- સીતા માતા, તમે જ મારા દ્વારા અભિનય કરો. મારા દ્વારા જે પણ કળા બહાર આવશે, તે એ જ હશે જે તમે આ ફિલ્મ માટે ઈચ્છો છો." વિચારોમાં સંપૂર્ણ શુદ્ધતા રાખવાનો પ્રયાસ એક્ટ્રેસે વધુમાં ઉમેર્યું કે, "મેં મારી જાતને જેટલી બને તેટલી પવિત્ર રાખવાનો પ્રયત્ન કર્યો છે. ઓછામાં ઓછું મારા વિચારોના સ્તરે તો મેં તેને બિલકુલ પક્ષપાત વિનાનું અને નિષ્પક્ષ રાખવા પ્રયાસ કર્યો છે. હું આ ફિલ્મમાં મારું સર્વશ્રેષ્ઠ વર્ઝન દર્શકો સમક્ષ લાવી રહી છું અને આખી ટીમ તેને બેસ્ટ બનાવવા માટે પોતાનું લોહી-પરસેવો એક કરી રહી છે." બે ભાગમાં રિલીઝ થશે ફિલ્મ, સ્ટાર કાસ્ટ જાહેર નમિત મલ્હોત્રા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી રહેલી આ ભવ્ય ફિલ્મ 2 ભાગમાં સિનેમાઘરોમાં રિલીઝ થશે. ટ્રેલર લોન્ચ સાથે જ ફિલ્મની સત્તાવાર સ્ટાર કાસ્ટ પરથી પણ પડદો ઊંચકાયો છે: ભગવાન રામ: રણબીર કપૂર માતા સીતા: સાઈ પલ્લવી લક્ષ્મણ: રવિ દુબે રાવણ: સુપરસ્ટાર યશ (KGF ફેમ) અન્ય કલાકારો: સની દેઓલ, કાજલ અગ્રવાલ, વિવેક ઓબેરોય પણ આ ફિલ્મમાં મહત્વની ભૂમિકા ભજવતા જોવા મળશે.

**મારા દ્વારા જે પણ કળા બહાર આવશે, તે એ જ હશે જે તમે આ ફિલ્મ માટે ઈચ્છો છો**

# સોનમ વાંગચુકના સમર્થનમાં આવ્યું બોલિવૂડ

## દિયા મિર્ઝા સહિતના કલાકારોએ સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત કરી



મુંબઈ

લદ્દાખના જાણીતા પર્યાવરણવાદી અને શિક્ષણ સુધારક સોનમ વાંગચુકના સમર્થનમાં હવે બોલિવૂડની અનેક નામાંકિત હસ્તીઓ આગળ આવી છે. ભૂખ હડતાળના કારણે સોનમ વાંગચુકનું સ્વાસ્થ્ય સતત બગડી રહ્યું હોવાથી કલાકારોએ ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. સેલિબ્રિટીઝ સોનમ વાંગચુકને અનશન સમાપ્ત કરવા વિનંતી કરી રહી છે, સાથે જ કેન્દ્ર સરકારને આ ગંભીર મુદ્દે તેમની સાથે તાત્કાલિક વાતચીત શરૂ કરવા અપીલ કરી રહ્યા છે. અભિનેત્રી દિયા મિર્ઝાએ આ વિરોધ પ્રદર્શનમાં સામેલ વિદ્યાર્થીઓ અને સોનમ વાંગચુકને ખુલ્લું સમર્થન જાહેર કર્યું છે. 'હું દેશના વિદ્યાર્થીઓ સાથે છું' અભિનેત્રી અને સામાજિક કાર્યકર્તા દિયા મિર્ઝાએ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક સંવેદનશીલ પોસ્ટ શેર કરી છે. તેણે કેપ્શનમાં લખ્યું છે કે, "હું મારા દેશના વિદ્યાર્થીઓને ટેકો આપું છું અને આપતી રહીશ. હું તમને સાંભળું છું, હું તમને જોઉં છું અને હું તમારી પડખે ઊભી છું." દિયાએ લોકશાહીમાં શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવાના અધિકારને યોગ્ય ઠેરવ્યો છે. તેણે સોનમ વાંગચુક ઉપરાંત નેહા, અમીન અને મનીષ જેવા અન્ય પ્રદર્શનકારીઓનું નામ જોડીને શિક્ષણ પ્રણાલીમાં જવાબદારી, પારદર્શિતા અને મોટા સુધારાની માંગને ટેકો આપ્યો છે. દિયા મિર્ઝા ઉપરાંત મનોરંજન જગતના અન્ય દિગ્ગજો પણ સોનમ વાંગચુકના સમર્થનમાં સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી રહ્યા છે. જેમાં પ્રખ્યાત સંગીતકાર વિશાલ દદલાની, અભિનેત્રી અદિતિ રાવ હૈદરી, ફાતિમા સના શેખ, આયુષ શર્મા, ઓમી વૈદ્ય, અભય દેઓલ, સોની રાઝદાન, સોનાક્ષી સિંહા અને સુપરસ્ટાર આમિર ખાનનો સમાવેશ થાય છે.

# બિકિની લૂકમાં આકાંક્ષાએ ફેન્સને દિવાના કર્યા

## ટીવી અને ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની એક્ટ્રેસ અકાંક્ષા પુરી ઓનસ્ક્રિન જ નહીં ઓફ સ્ક્રિન પણ એટલી જ બોલ્ડ અને બ્યૂટીફુલ છે

મુંબઈ

મુંબઈઃ ટીવી અને ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની એક્ટ્રેસ અકાંક્ષા પુરી ઓનસ્ક્રિન જ નહીં ઓફ સ્ક્રિન પણ એટલી જ બોલ્ડ અને બ્યૂટીફુલ છે. તાજેતરમાં તેના લેવેન્ડર કલરની બિકિનીમાં ફોટોએ ફેન્સને દિવાના બનાવી દીધા હતા. આ બિકિની અંદાજમાં તેનું ટોન્ડ, શેઈપ્ડ અને કટવાળું બોડી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. ફેન્સ તો આવા બોડી પર ટોપ બિકિની બોડીનું ટેગ આપી રહ્યા છે. બોલ્ડ અને ગ્લેમરસ લૂકને પૂરો કરવા માટે એક્ટ્રેસે ફેન્સી ચશ્મા પહેર્યા હતા. પૂલ પાસે રીલેક્સ મોડમાં અકાંક્ષાની બીજી એક તસવીરમાં એના સિક્સપેક્સના કટ સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પર તેણે આવા તમામ ફોટો પોસ્ટ કરીને ફેન્સને ચોંકાવી દીધા હતા, એકથી એક ચડિયાતા પોઝ આપીને એક્ટ્રેસે મસ્ત તસવીર શૅર કરી છે. પૂલમાં સ્વિમિંગ મૂડમાં પણ તેનો અંદાજ અલગ પડી રહ્યો છે. બાલી-ઈન્ડોનેશિયામાં પોતાનું વેકેશન એન્જોય કરતી તસવીર તેણે ફેન્સ સાથે શૅર કરી છે. બિકિની લૂકમાં તે પૂલમાં એન્જોય કરતી જોવા મળી હતી. બિકિની લૂકમાં ખૂબ જ લાઈટમેકઅપ પણ કર્યો છે. ફેન્સી ચશ્મામાં તેણે કિલર લૂક આપ્યો છે. પૂલ પાસે ચિલ કરતી જોવા મળી હતી.પૂલ સાઈડમાં તે રીલેક્સ મોડમાં જોવા મળી હતી. ફેન્સ આ દરેક પોસ્ટ પર દિલવાળું ઈમોજી પોસ્ટ કરી રહ્યા છે. અન્ય યુઝર ફાયરવાળુ ઈમોજી પોસ્ટ કરી રહ્યા છે. તેની આ તસવીર સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ થઈ રહી છે. અકાંક્ષા બિગબોસ જેવા રીયાલિટી શૉમાં આવી ચૂકી છે. શરૂઆતમાં તેનું નામ મિકા સિંહ સાથે લેવામાં આવી રહ્યું હતું. પણ પછી બન્ને એકબીજાથી ખૂબ દૂર થઈ જતા આ ચર્ચા પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું હતું. અભિનેત્રી આકાંક્ષા પુરી અને અભિનેતા અશ્મિત પટેલ હાલમાં 'સાડી ફરમેશ' ગીત માટે હેડલાઈન્સમાં હતી. દર્શકો આ ગીતમાં બંને વચ્ચેની તાજી અને આકર્ષક કેમેસ્ટ્રીની ખરેખર પ્રશંસા કરી રહ્યા છે; દ્રશ્યો અને સંગીતના સંયોજને એક અનોખો માહોલ બનાવ્યો છે.





# માતા બન્યા પછી સમીરા રેડ્ડીની પતિની એક સલાહે આખી લાઈફ બદલી નાખી

## વર્ષ 2014માં બિઝનેસમેન અક્ષય વર્દે સાથે સમીરાએ લગ્ન કર્યા હતા

મુંબઈ

ક્યૂટ, ગ્લેમરસ અને જેના અવાજમાં એક અલગ મીઠાશ છે એવી એક્ટ્રેસ સમીરા રેડ્ડીએ પોતાના અંગત જીવનની એક સરસ વાત શૅર કરી છે. સમીરા રેડ્ડીએ ખુલાસો કર્યો હતો કે, દીકરાના જન્મ બાદ પોસ્ટપાર્ટમ ડિપ્રેશન, હાર્મોનલ ઈસ્યૂ અને 100 કિલો જેટલું વજન વધી જવાને કારણે ઘણા પ્રોબ્લેમ્સ ઊભા થયા હતા. દીકરા હંસના જન્મ બાદ વજન વધી જવાના કારણે શરીરમાં ઘણા પ્રોબ્લેમ્સ થયા હતા. સ્થિતિ એવી થઈ ગઈ હતી કે, એક જ વર્ષમાં વજન 100 કિલો સુધી પહોંચી ગયું હતું. સૌથી મોટી ચેલેન્જ હતી તાજેતરમાં આપેલા એક ખાસ ઈન્ટરવ્યૂમાં એક્ટ્રેસે જણાવ્યું હતું કે,મને એ સમયે કેટલાક લોકોએ કહ્યું હતું કે, કેરિયર અને જીવન બન્ને ખતમ થઈ રહ્યા છે, પણ પતિ અક્ષય વર્દેની એક સલાહે મારી આખી લાઈફ બદલી નાંખી. હંસના જન્મ બાદ નર્વસ બ્રેકડાઉન થયું, પોસ્ટપાર્ટમ ડિપ્રેશન ભોગવ્યું. ખૂબ જ ઝડપથી વજન વધતું જતું હતું. વજન વધતું મને શરમ નહોતી શાકવાળો પણ પૂછતો હતો કે, દીદી-આપ ક્યા સે ક્યા હો ગયે? આપકો ક્યા હો ગયા હૈ? લોકો એવું બોલતા કે, અરે યે વહી સમીરા હૈ ના, જો કભી એક્ટ્રેસ થી? અચાનક ઈસે ક્યા હો ગયા.એ સમયે સૌથી મોટી ચેલેન્જ એ હતી કે, વજન વધતુ જતુ હતું પણ મને એ સમયે કોઈ શરમ આવતી ન હતી. એ સમયે અક્ષયે મને એક સરસ વાત કહી હતી કે તમે બીજાની કોઈની વાત સાંભળીને કે કહી જાય એને જજ કરવા પર દોષી નથી કહી શકતા, કારણ કે તમે એક સમયે સેક્સી સમીરાની ઈમેજ ઊભી કરી હતી. એ લોકોએ તને હંમેશાં એક ગ્લેમર અંદાજમાં જ જોઈ છે. હવે અચાનક બદલાવ આવતા લોકો નોટ કરવાના જ છે. તમે લોકોના વિચાર બદલી નથી શકતા. ન એમના વિચાર પર બ્રેક મારી શકો છો.બીજાને બદલવાના પ્રયાસ કરવા કરતા ખુદને બદલવાનો પ્રયાસ કરો.એવા લોકોનું એક ગ્રૂપ બનાવ જે તને જેવી છો એવી સ્વીકારે. સ્થિતિમાંથી બાહર નીકળવાનો આ જ એક રસ્તો છે. પતિની આ વાત જ્યારે મારા કાને આવી ત્યારે મને મોટો ફટકો લાગ્યો. પણ પછી અહેસાસ થયો કે, ખરેખર એ કહેવા શું માગતો હતો? એની સલાહ ખરા અર્થમાં મારા માટે મદદગાર હતી. વર્ષ 2014માં બિઝનેસમેન અક્ષય વર્દે સાથે સમીરાએ લગ્ન કર્યા હતા.

# આમિર ખાનના ઘરની બહાર સુરક્ષા વધારાઈ

## લોરેન્સ ગેંગની કથિત ધમકી બાદ વાઈરલ પોસ્ટ અને ઓડિયોની તપાસ શરૂ

મુંબઈ

આમિર ખાનને ત્રીજા લગ્ન કરવા બદલ કથિત ધમકી મળવા અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. શનિવારે વોઈસ ક્લિપ અને સોશિયલ મીડિયા પોસ્ટ સામે આવ્યા બાદ પોલીસે બાંદ્રા પશ્ચિમના પાલી હિલ સ્થિત આમિર ખાનના ઘરની બહાર સુરક્ષા વધારી દીધી. જોકે, આમિર ખાન હાલ દેશની બહાર છે. હિન્દુસ્તાન ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે હજુ સુધી ન તો વોઈસ ક્લિપ કે ન તો સોશિયલ મીડિયા પોસ્ટની સત્યતા કન્ફર્મ થઈ છે. જ્યારે, મુંબઈ પોલીસ કમિશનર દેવન ભારતીએ કહ્યું, 'અમે સોશિયલ મીડિયા પોસ્ટ અને વોઈસ ક્લિપની સત્યતાની તપાસ કરી રહ્યા છીએ.' શનિવારે આમિર ખાનને લોરેન્સ ગેંગ તરફથી કથિત રીતે જાનથી મારી નાખવાની ધમકી મળ્યાના સમાચાર સામે આવ્યા હતા. આમિર ખાનના 5 જુલાઈના રોજ થયેલા ગૌરી સ્પ્રેટ સાથેના લગ્નને લવ જિહાદ ગણાવવામાં આવ્યા હતા.

સોશિયલ મીડિયા પર કથિત રીતે લોરેન્સ ગેંગ તરફથી એક પત્ર અને ઓડિયો નોટ જાહેર કરવામાં આવી છે. પત્રમાં લખ્યું હતું-આપણા દેશમાં આમિર ખાન જેવા લોકો લવ જિહાદને પ્રોત્સાહન આપી રહ્યા છે, અમે તેને સહન નહીં કરીએ. એનો જવાબ ખૂબ જ જલ્દી આને આપવામાં આવશે. આ વસ્તુ આપણા સનાતન ધર્મમાં અને દેશ વિરુદ્ધ છે. આ જે સ્ટારડમના નામે આ વસ્તુને પ્રોત્સાહન આપી રહ્યા છે, એમનો અમે શ્વાસ દબાવી દઈશું. ત્રીજા લગ્ન કર્યા પછી આમિર ખાનને સોશિયલ મીડિયા પર લવ જેહાદનો બ્રાન્ડ એમ્બેસેડર કહેવામાં આવી રહ્યા છે. વેબસાઈટ રેડિફ સાથેની વાતચીતમાં આમિરે કહ્યું, 'મારા ત્રણેય લગ્નમાં કોઈ પણ પત્નીએ ધર્મ પરિવર્તન કર્યું નથી, કારણ કે લગ્ન સિવિલ મેરેજ હતા.




### એમ્બાપ્પેએ વર્લ્ડ કપમાં સૌથી વધુ ગોલ કરવાનો રેકોર્ડ બનાવ્યો. 1966 પછી ઈંગ્લેન્ડનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન

# ફ્રાન્સને 6-4થી હરાવી ઈંગ્લેન્ડે જીત્યો બ્રોન્ઝ મેડલ

મુંબઈ

ફિફા વર્લ્ડ કપ 2026 માં ફૂટબોલ ચાહકોને ઈતિહાસની સૌથી રોમાંચક અને હાઈ-સ્કોરિંગ મેચ જોવા મળી છે. ત્રીજા સ્થાન માટે રમાયેલા મુકાબલામાં ઈંગ્લેન્ડે ફ્રાન્સને 6-4થી હરાવીને વર્લ્ડ કપનો બ્રોન્ઝ મેડલ પોતાના નામે કરી લીધો છે. વર્ષ 1966માં વિશ્વ વિજેતા બન્યા બાદ વર્લ્ડ કપના ઈતિહાસમાં ઈંગ્લેન્ડનું આ અત્યાર સુધીનું સૌથી સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. મેચના એક સમયે ઈંગ્લેન્ડની ટીમ 4-0થી આગળ હતી, પરંતુ બીજા હાફમાં ફ્રાન્સે જોરદાર વાપસી કરી હતી. મેચની શરૂઆતમાં ઈંગ્લેન્ડે પોતાના નિયમિત કેપ્ટન હેરી કેન અને જૂડ બેલિંગહેમને આરામ આપ્યો હતો. જોકે, કેપ્ટનની આર્મબેન્ડ પહેરીને ઉતરેલા ડેક્લાન રાઈસે મેચ શરૂ થયાની માત્ર અઢી (2.5) મિનિટમાં જ પહેલો ગોલ કરીને ફ્રાન્સને ચોંકાવી દીધું હતું. ત્યારબાદ 18મી મિનિટે એઝરી કોન્સાએ




શાનદાર હેડર દ્વારા સ્કોર 2-0 કર્યો હતો. આ પછી બુકાયો સાકાનો જાદુ જોવા મળ્યો, જેણે પ્રથમ હાફ પૂરો થતાં પહેલા બે બેક-ટુ-બેક ગોલ ફટકારીને ફ્રાન્સના ડિફેન્સને વેરવિખેર કરી દીધું અને ઈંગ્લેન્ડને 4-0ની મજબૂત લીડ અપાવી દીધી. બીજા હાફમાં એમ્બાપ્પેનું તોફાન અને વર્લ્ડ રેકોર્ડ હાફ-ટાઈમ પછી ફ્રાન્સની ટીમ સંપૂર્ણપણે બદલાયેલી એનર્જી સાથે મેદાનમાં ઉતરી હતી. કિલિયન એમ્બાપ્પેએ ફ્રાન્સ માટે પહેલો ગોલ કર્યો અને તેના થોડા સમય પછી 54મી મિનિટે બ્રેડલી બારકોલાએ ગોલ કરીને સ્કોર 4-2 કરી દીધો. મેચની 66મી મિનિટે એમ્બાપ્પેએ વધુ એક ઐતિહાસિક ગોલ દાખલ કર્યો. આ ગોલની સાથે જ એમ્બાપ્પે ફિફા વર્લ્ડ કપના ઈતિહાસમાં સર્વકાલીન સૌથી વધુ ગોલ કરનારો ખેલાડી બની ગયો છે અને તેણે દિગ્ગજ લિયોનેલ મેસીને પાછળ છોડી દીધો છે. આ ટૂર્નામેન્ટમાં એમ્બાપ્પેનો આ 10મો ગોલ હતો, જેની સાથે તે ગોલ્ડન બૂટની રેસમાં સૌથી આગળ નીકળી ગયો છે. સાકાની હેટ્રિક અને ઈંગ્લેન્ડની જીત જ્યારે ફ્રાન્સની ટીમ મેચને પેનલ્ટી શૂટઆઉટ તરફ લઈ જવા માટે સતત હુમલા કરી રહી હતી, ત્યારે 87મી મિનિટે ઈંગ્લેન્ડને પેનલ્ટી મળી. દબાણની આ ક્ષણે બુકાયો સાકાએ કોઈ ભૂલ કર્યા વિના બોલને ગોલ પોસ્ટમાં ધકેલીને પોતાની શાનદાર હેટ્રિક પૂરી કરી અને ઈંગ્લેન્ડને 5-3થી આગળ કરી દીધું હતું. અંતે ઈંગ્લેન્ડે 6-4થી મેચ જીતીને બ્રોન્ઝ મેડલ સુરક્ષિત કર્યો હતો.

## ઈતિહાસની સૌથી મોંઘી સ્પોર્ટ્સ ઈવેન્ટ બની ફિફાની ફાઈનલ મેચ

મેક્સિકો સિટી

ફીફા વર્લ્ડ કપ 2026 (FIFA World Cup 2026)ની ફાઈનલ મેચ ઘણી બાબતોમાં ઐતિહાસિક બનવા જઈ રહી છે. આર્જેન્ટિના અને સ્પેન વચ્ચે રમાનારી આ ફાઈનલ માટે ફૂટબોલ ફેન્સની દીવાનગી સાતમા આસમાને પહોંચી ગઈ છે. મેટલાઈફ સ્ટેડિયમ (MetLife Stadium)માં યોજાનારી આ મેચે અમેરિકામાં ટિકિટ રીસેલ (Resale)ના ઈતિહાસના તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છે. 20 જુલાઈની રાત્રે ફીફા વર્લ્ડ કપ 2026નો ચેમ્પિયન મળી જશે. ટાઈટલની આ જંગમાં લિઓનેલ મેસ્સીની આર્જેન્ટિના અને યુરોપિયન ચેમ્પિયન સ્પેને જગ્યા બનાવી છે. આ બંને મજબૂત ટીમો વચ્ચે રમાનારી ફાઈનલને લઈને ફેન્સ પાણીની જેમ પૈસા વહાવી રહ્યા છે. ટિકિટ રીસેલ માર્કેટપ્લેસ 'ટિકપિક' ના જણાવ્યા અનુસાર, આ મેચ અમેરિકન રમતગમતના ઈતિહાસની અત્યાર સુધીની સૌથી મોંઘી ઈવેન્ટ બની ચૂકી છે. ખરીદદારોએ સરેરાશ 11,327 ડોલર (લગભગ 11 લાખ રૂપિયા) પ્રતિ ટિકિટ ચૂકવ્યા છે. જો સરેરાશ કિંમતોની વાત કરીએ તો, આ વર્લ્ડ કપ ફાઈનલ પહેલા અમેરિકાની સૌથી મોંઘી સ્પોર્ટ્સ ઈવેન્ટ 2024 નો 'સુપર બાઉલ' હતો, જ્યાં ટિકિટની સરેરાશ કિંમત 9,411 ડોલર હતી.

### પહેલીવાર ફાઈનલમાં ટકરાશે, મેસ્સી-યમાલ સામસામે

## 60 વર્ષ પછી FIFA વર્લ્ડ કપમાં સ્પેન vs આર્જેન્ટિની મેચ

કોલંબો

60 વર્ષ પછી સ્પેન અને આર્જેન્ટિના ફુટબોલ વર્લ્ડ કપમાં ફરી સામસામે હશે. બંને ટીમ વચ્ચે આ પહેલી વર્લ્ડ કપ ફાઈનલ ટક્કર થશે. ન્યૂયોર્કના ન્યૂ જર્સી સ્ટેડિયમમાં રાત્રે 12:30 વાગ્યાથી આ મુકાબલો રમાશે. સ્પેન 2010 પછી બીજી વખત વર્લ્ડ ચેમ્પિયન બનવા મેદાને ઉતરશે. બીજી તરફ ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના પાસે ચોથી વખત ટ્રોફી જીતવાની અને સતત બીજો વર્લ્ડ કપ પોતાના નામે કરવાની તક હશે. જીત મેળવવાની સ્થિતિમાં આર્જેન્ટિના ઈટાલી (1938) અને બ્રાઝિલ



(1962) પછી સતત બે વર્લ્ડ કપ જીતનારી ત્રીજી ટીમ બની જશે. આશરે 19 વર્ષ પહેલા મેસ્સીએ યમાલને ખોળામાં રમાડ્યો હતો આ ફાઈનલની સૌથી મોટી કહાની લિઓનેલ મેસ્સી અને લેમિન યમાલની છે. આશરે 19 વર્ષ પહેલા બાર્સિલોનાના એક ચેરિટી ફોટોશૂટમાં તે સમયે 20 વર્ષના મેસ્સીએ ત્રણ મહિનાના યમાલને ખોળામાં ઉઠાવીને નવડાવ્યો હતો.

આજે એ જ યમાલ પહેલીવાર આંતરરાષ્ટ્રીય સ્તરે મેસ્સીની સામે ઉતરશે. આ તસવીર 2024માં વાઈરલ થઈ હતી અને હવે ફુટબોલ ઈતિહાસની સૌથી ચર્ચિત કહાનીઓમાં સામેલ છે. મેસ્સી ગોલ્ડન બૂટની દોડમાં સૌથી આગળ છે. તેણે આ વર્લ્ડ કપમાં 8 ગોલ કર્યા છે અને 4 આસિસ્ટ કર્યા છે. બીજી તરફ સ્પેનનો મિકેલ ઓયારઝાબાલ 5 ગોલ સાથે ટીમનો ટૉપ સ્કોરર છે, જ્યારે 19 વર્ષનો યમાલ 30 સફળ ડ્રિબલ સાથે ટુર્નામેન્ટનો સૌથી ઈમ્પેક્ટફુલ વિંગર રહ્યો છે.

## સિંધુએ રચ્યો ઈતિહાસ, જાપાન ઓપન જીતનારી પ્રથમ ભારતીય

### ફાઈનલમાં અકાને યામાગુચીને 21-17, 21-17થી આપી માત

બ્રિજટાઉન

ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુએ જાપાન ઓપન સુપર-750 બેડમિન્ટન ટુર્નામેન્ટ જીતી લીધી છે. તે આ ટુર્નામેન્ટ જીતનારી પ્રથમ ભારતીય બની છે.

31 વર્ષીય સિંધુએ રવિવારે રમાયેલી ફાઈનલ મેચમાં જાપાનની અકાને યામાગુચીને 21-17, 21-17થી હરાવી. આ મેચ 50 મિનિટ સુધી ચાલી. સિંધુ 4 વર્ષ પછી યામાગુચીને કોઈ ફુલ મેચમાં હરાવી શકી છે. તેને છેલ્લી જીત 2022માં થાઈલેન્ડ ઓપનમાં મળી હતી. ગયા વર્ષે મલેશિયા ઓપનમાં યામાગુચી રિટાયર હર્ટ થઈ હતી. સિંધુએ 2 વર્ષ પછી કોઈ ખિતાબ જીત્યો છે.




તેમણે 2024માં સૈયદ મોદી ઈન્ટરનેશનલ જીત્યો હતો. તેઓ 2022માં સિંગાપોર ઓપન સુપર 500માં ચેમ્પિયન બની હતી.

આ સિંધુના કરિયરનો પહેલો સુપર-750 ખિતાબ છે. 2019 વર્લ્ડ ચેમ્પિયનશિપ જીત્યા પછી આ તેનો સૌથી મોટો ઈન્ટરનેશનલ ખિતાબ છે.

સેમિફાઈનલમાં ચેન યુ ફેઈ ઈજાગ્રસ્ત થઈને બહાર થઈ

સેમિફાઈનલમાં ચીનની ચેન યુ ફેઈ હેમસ્ટ્રિંગની ઈજાને કારણે રિટાયર્ડ હર્ટ થઈ ગઈ. તે સમયે સિંધુ 21-19, 15-10થી આગળ હતી. આ પહેલા સિંધુએ જાપાનની પૂર્વ વર્લ્ડ ચેમ્પિયન નોઝોમી ઓકુહારા ઈજાને કારણે મેદાનમાં ઉતરી ન હતી.



### સિક્યુરિટીની વિશિષ્ટતાઓ સાથેની પોલિમર સબસ્ટ્રેટ શીટસના પૂરવઠા માટે બિડ મંગાવાયા

# પ્લાસ્ટિક નોટસને અમલમાં મૂકવા RBIની કવાયત

મુંબઈ

દેશમાં પોલિમર બેન્કનોટસ (પ્લાસ્ટિક કરન્સી) દાખલ કરવા તરફ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ વિધિસરની કામગીરી આરંભી દીધી છે. આરબીઆઈના કરન્સીના પ્રિન્ટિંગનું કામકાજ સંભાળતા વિભાગે સિક્યુરિટીની વિશિષ્ટતાઓ સાથેની પોલિમર સબસ્ટ્રેટ શીટસના પૂરવઠા માટે ઈરાદા પત્ર આમંત્રિત કર્યા છે. બેન્કનોટસના પ્રિન્ટિંગ માટે તૈયાર કરાયેલી અપારદર્શી પોલિમર સબસ્ટ્રેટ શીટસના ઉત્પાદન માટે રિઝર્વ બેન્કે ઘરઆંગણેના તથા વિદેશના પાત્ર ઉત્પાદકો પાસેથી બિડસ આમંત્રિત કર્યા છે. છેલ્લા એક દાયકાથી ભારતમાં કરન્સી નોટસ ખાસ પ્રકારના કાગળ પર



છાપવામાં આવે છે. પરંતુ હવે રિઝર્વ બેન્કે પ્લાસ્ટિકની કરન્સી નોટસ બહાર પાડવાનો નિર્ણય કર્યો છે જેથી તે લાંબા સમય સુધી ટકી શકે. બિડ માટે પાત્ર બનવા બિડરે ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી કોઈ દેશની કેન્દ્રીય બેન્ક અથવા બેન્કનોટસ પ્રિન્ટિંગ સંસ્થાઓને પોલિમર સબસ્ટ્રેટ શીટસનો પૂરવઠો કર્યો હોવો જોઈશે. છેલ્લા કેટલાક વર્ષથી કરન્સી નોટસની માગમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખી આરબીઆઈએ પોલિમર બેન્કનોટસ પ્રિન્ટ કરવાનો વિચાર ફરી પાછો ઊભો કર્યો છે.

પોલિમર બેન્ક નોટસ છાપવા પાછળ ઓછા ખર્ચ તથા તેના લાંબા સમય સુધીના ટકાઉપણાને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્ક આવા પ્રકારની ચલણીનોટસને સર્ક્યુલેશનમાં મૂકવા ઈરાદો ધરાવે છે. એટીએમમાંથી પણ આ નોટસ નીકળી શકશે માટે રિઝર્વ બેન્ક હવે તેમાં આગળ વધવા માગે છે.

પેપર કરન્સી નોટસના પ્રિન્ટિંગ પાછળ નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં રૂપિયા ૬૩૭૨.૮૦ કરોડનો ખર્ચ થયો હતો. નાણાં વર્ષ ૨૦૨૫માં ૨૩.૮૦ અબજ ખરાબ બેન્ક નોટસનો નિકાલ કરાયો હતો.

### TCS ટોપ ગેનર, વેલ્યુ ₹72 હજાર કરોડ વધી

# ટોપ-10 કંપનીઓમાંથી 5ની વેલ્યુ ₹1.54 લાખ કરોડ વધી, રિલાયન્સ-SBIનું માર્કેટ કેપ વધ્યું

### TCSનું વેલ્યુએશન 72,072.3 કરોડ રૂપિયા વધીને 8,20,672.70 કરોડ રૂપિયા પર પહોંચી ગયું. TCS ઉપરાંત અન્ય ચાર કંપનીઓને ફાયદો થયો છે

મુંબઈ

ભારતીય શેરબજારમાં ગયા અઠવાડિયે જોવા મળેલી તેજીને કારણે દેશની ટોપ-10 સૌથી મૂલ્યવાન કંપનીઓમાંથી 5ના માર્કેટ વેલ્યુએશન એટલે કે માર્કેટ કેપમાં સંયુક્ત રીતે 1.54 લાખ કરોડ રૂપિયાથી વધુનો વધારો થયો છે. આ તેજીમાં IT સેક્ટરની કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ એટલે કે TCS ટોપ ગેનર રહી. ગયા કારોબારી સપ્તાહમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જ એટલે કે BSEનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ 582.06 પોઈન્ટ એટલે કે 0.75%ના વધારા સાથે બંધ થયો. જ્યારે, નેશનલ સ્ટોક એક્સચેન્જ એટલે કે NSEનો નિફ્ટી 127.4 પોઈન્ટ એટલે કે 0.52% મજબૂત થયો. TCSની વેલ્યુ 72,072.3 કરોડ રૂપિયા વધી TCSનું વેલ્યુએશન 72,072.3 કરોડ રૂપિયા વધીને 8,20,672.70 કરોડ રૂપિયા પર પહોંચી ગયું. TCS ઉપરાંત અન્ય ચાર કંપનીઓને ફાયદો થયો છે, તેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ICICI બેંક,




સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) અને બજાજ ફાઈનાન્સનો સમાવેશ થાય છે. 5 કંપનીઓને નુકસાન; L&T અને LICનું વેલ્યુએશન સૌથી વધુ ઘટ્યું બજારમાં તેજી હોવા છતાં ટોપ-10ની બાકીની 5 કંપનીઓને નુકસાન ભોગવવું પડ્યું. લાર્સન એન્ડ ટુબ્રો (L&T)ને સૌથી વધુ નુકસાન થયું. L&T: તેનું માર્કેટ કેપ 18,097.72 કરોડ રૂપિયા ઘટીને 5,24,840.68 કરોડ રૂપિયા રહ્યું. LIC: સરકારી વીમા કંપનીનું વેલ્યુએશન 12,080.75 કરોડ રૂપિયા ઘટીને 5,48,124.30 કરોડ રૂપિયા પર આવ્યું. એરટેલ: તેનું વેલ્યુએશન 7,706.45 કરોડ રૂપિયા ઘટીને 11,91,067.77 કરોડ રૂપિયા રહ્યું. HDFC બેંક: બેંકના માર્કેટ કેપમાં 7,084.61 કરોડ રૂપિયાનો નજીવો ઘટાડો થયો અને તે 12,62,369.81 કરોડ રૂપિયા રહ્યું. હિન્દુસ્તાન યુનિલિવર (HUL): તેનું માર્કેટ કેપ 1,221.79 કરોડ રૂપિયા ઘટીને 5,03,775.86 કરોડ રૂપિયા રહ્યું. માર્કેટ એક્સપર્ટ્સ બોલ્યા- વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે ઘરેલું મજબૂત ફંડામેન્ટલ્સથી મળ્યો સપોર્ટ રેલીગેર બ્રોકિંગ લિમિટેડના રિસર્ચ SVP (SVP) અજીત મિશ્રાના મતે, 'વૈશ્વિક બજારમાં વ્યાજ દરોને લઈને અનિશ્ચિતતા, ક્રૂડ ઓઈલની ઊંચી કિંમતો અને ભૌગોલિક રાજકીય તણાવ છતાં ભારતીય શેરબજાર રિકવરી કરવામાં સફળ રહ્યું અને સપ્તાહના છેલ્લા દિવસોમાં મજબૂતી સાથે બંધ થયું.

### તમિલનાડુ એ 50ના આંકને વટાવી ટોચનું પ્રદર્શન કરનાર રાજ્યો

# દેશના પ્રથમ ઈન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલી ઈન્ડેક્સમાં ગુજરાત પ્રથમ ક્રમે

મુંબઈ

દેશના પ્રથમ ઈન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલી ઈન્ડેક્સમાં, નીતિ આયોગે આઠ સ્તંભોમાં ફેલાયેલા ૮૪ સૂચકાંકો પર ૧૦૦માંથી ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સ્કોર આપ્યો હતો જો કે તેમાં કોઈ રાજ્ય ૬૦ના આંકડા સુધી પહોંચ્યું ન હતું. પાંચ રાજ્યોએ ૫૦ના આંકને વટાવી દીધો અને તેમને 'ટોચનું પ્રદર્શન કરનાર' રાજ્યો તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા. આ રાજ્યો ગોવા, ગુજરાત, મહારાષ્ટ્ર, ઓડિશા અને તમિલનાડુ છે. ૧૭ મોટા રાજ્યોમાં, ગુજરાત ૧૦૦માંથી ૫૬.૬ના સ્કોર સાથે ટેબલમાં ટોચ પર છે, જે મહારાષ્ટ્ર અને તમિલનાડુથી લગભગ ત્રણ પોઈન્ટ આગળ છે, જ્યારે




ઓડિશા ૫૨.૪ સાથે ટોચના ચારમાં સ્થાન મેળવે છે. પંદર રાજ્યોએ ૪૫થી ૫૦ની વચ્ચે સ્કોર હાંસલ કર્યો, જ્યારે આઠ ઉભરતા રાજ્યોએ ૪૦થી નીચેનો સ્કોર કર્શાવ્યો હતો. ૧૨ પહાડી અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં, ઉત્તરાખંડ ૪૭.૫ ટકા સાથે આગળ છે, જે આસામ અને હિમાચલ પ્રદેશથી થોડું આગળ છે. સાત શહેરી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં, ગોવા ૫૩.૧ ટકા સાથે આગળ છે, જે દિલ્હી અને ચંદીગઢથી નોંધપાત્ર રીતે આગળ છે. નીતિ આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ ઈન્ડેક્સ આઠ સ્તંભોનું મિશ્રણ છે. જેમાં માળખાગત સુવિધા, વ્યવસાયિક વાતાવરણ, સંસાધનો, સરકારી નીતિ, નિયમનકારી સરળતા, નાણાકીય સ્વાસ્થ્ય, સંસ્થાકીય વાતાવરણ અને પર્યાવરણીય સ્થિતિસ્થાપકતા. આ દરેક સ્તંભને અલગથી સ્કોર કરવામાં આવે છે અને રાજ્યોના ત્રણ જૂથોમાં રજૂ કરવામાં આવે છે, જેમાં મોટા રાજ્યો, પહાડી અને ઉત્તરપૂર્વીય રાજ્યો અને શહેરી રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો.કમિશનના મતે, આ કવાયત કોઈ સ્પર્ધા નથી.

## દેશમાં ચાઈનીઝ સ્માર્ટફોનની બજાર હિસ્સેદારી ઘટી

- **6 વર્ષમાં સૌથી ઓછી થઈ, 15000 રૂપિયાથી સસ્તા ફોનની વેચાણ 45% ઘટ્યું**

મુંબઈ

દેશના સ્માર્ટફોન બજારમાં એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં એક ખાસ ટ્રેન્ડ જોવા મળ્યો. ચાઈનીઝ બ્રાન્ડ્સનો બજાર હિસ્સો ઘટીને 6 વર્ષના નીચલા સ્તરે (18% સુધી) આવી ગયો. બીજી તરફ સેમસંગ, નથિંગ અને ગૂગલ પિક્સેલ જેવી કંપનીઓએ વેચાણમાં ઝડપી ગ્રોથ દેખાયો. રિસર્ચ ફર્મ કાઉન્ટરપોઈન્ટ અનુસાર, જૂન ક્વાર્ટર દરમિયાન સ્માર્ટફોનનું કુલ વેચાણ વાર્ષિક ધોરણે 10% ઘટ્યું, જે છેલ્લા 6 વર્ષમાં જૂન-ક્વાર્ટરનો સૌથી ઝડપી ઘટાડો છે. સૌથી વધુ અસર 15,000 રૂપિયાથી સસ્તા ફોન પર પડી, જેમનું વેચાણ 45% ઘટી ગયું. ઘટાડાનું મુખ્ય કારણ મેમરી ચિપ (ડેટા સ્ટોર કરતો ભાગ) ની કિંમતોમાં ઉછાળો રહ્યો, જેના કારણે મોટાભાગની કંપનીઓએ ફોનની કિંમતોમાં લગભગ 15% સુધીનો વધારો કર્યો. આઉટલુક : આખા વર્ષમાં વેચાણ 13% ઘટી શકે છે સપ્ટેમ્બર, 2025 થી અત્યાર સુધી સ્માર્ટફોનમાં વપરાતી મેમરી ચિપની કિંમતો લગભગ 4 ગણી વધી ગઈ છે. આ જ કારણોસર એપ્રિલ-જૂનમાં સ્માર્ટફોનની સરેરાશ કિંમતો લગભગ 15% વધી ગઈ. રિપોર્ટમાં અનુમાન લગાવવામાં આવ્યું છે કે આગામી મહિનાઓમાં તેમની કિંમતો 5 ગણી સુધી વધી જશે. આ જોતાં કાઉન્ટરપોઈન્ટનો અંદાજ છે કે આ વર્ષે સ્માર્ટફોનનું કુલ વેચાણ 13% ઘટી શકે છે.

### અમદાવાદ ફટાકડા બ્લાસ્ટ કેસમાં મોટો એક્શન

# મુખ્ય સૂત્રધાર મેહુલ ડોડીયા અને તેની માતા સહિત 3 કાવતરાખોરો ઝડપાયા..!



## લાયસન્સ વગર ગણેશ મહોત્સવ માટે શરૂ કર્યો હતો મોતનો કાળો કારોબાર: દાહોદથી ગરીબ મજૂરો લાવીને કરાવાતું હતું કામ, હવે રોકાણકારો અને જમીન માલિક પર પોલીસનો સકંજો

અમદાવાદ

અમદાવાદના રામોલ વિસ્તારમાં આવેલી ગેરકાયદેસર ફટાકડા ફેક્ટરીમાં થયેલા ભયાનક ધડાકાના મામલે આખરે પોલીસે કડક કાર્યવાહીનો કોરડો વીંઝ્યો છે. નિર્દોષ શ્રમિકોના ભોગ લેનારા આ હૃદયદ્રાવક બ્લાસ્ટ કેસમાં રામોલ પોલીસે મોટો ખુલાસો કરીને ગુનામાં સીધી રીતે સામેલ મુખ્ય આરોપી સહિત ૩ દિગ્ગજોની ધરપકડ કરી લીધી છે. પકડાયેલા આરોપીઓમાં મુખ્ય સૂત્રધાર મેહુલ ડોડીયા, તેની માતા રમીલાબેન ડોડીયા અને તેઓનો સાથીદાર સાદિક સૈયદ સામેલ છે. ખાખીના આ સપાટાથી ગેરકાયદેસર મોતનો વેપાર કરનારા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જે વિગતો સામે આવી છે તે તંત્રની સુરક્ષા વ્યવસ્થા સામે મોટા સવાલો ઊભા કરે છે. મુખ્ય આરોપી મેહુલ ડોડીયાને આગામી ગણેશ મહોત્સવ માટે ફટાકડાનો એક બહુ મોટો ઓર્ડર મળ્યો હતો. આ ઓર્ડર પૂરો કરીને લાખોની મલાઈ તારવવા માટે મેહુલે તમામ કાયદા-કાનૂન નેવે મૂકી દીધા હતા. તેની પાસે ફટાકડા બનાવવાનું કે વિસ્ફોટક સામગ્રી રાખવાનું કોઈ પણ પ્રકારનું કાયદેસરનું લાયસન્સ નહોતું. આમ છતાં, પોતાની માતા રમીલા અને સાદિક સૈયદની મદદથી તેણે રહેણાંક વિસ્તારની નજીક આ ફેક્ટરી ધમધમતી કરી દીધી હતી. ઓછા પૈસામાં વધુ કામ કરાવવાની લાલચમાં આરોપીઓએ દાહોદના અંતરિયાળ વિસ્તારમાંથી ગરીબ શ્રમિકોને અમદાવાદ બોલાવ્યા હતા. કોઈ પણ પ્રકારની સેફ્ટી કીટ, ફાયર એનઓસી કે તાલીમ વગર આ મજૂરો પાસે વિસ્ફોટક પાવડર અને કેમિકલથી ફટાકડા બનાવડાવવાનું જોખમી કામ શરૂ કરવામાં આવ્યું હતું. આરોપીઓની આ ઘોર બેદરકારીના કારણે આખરે એ જ થયું જેનો ડર હતો. એક નાનકડી ચિંગારી પ્રચંડ બ્લાસ્ટમાં ફેરવાઈ ગઈ અને ગરીબ મજૂરો હોમાઈ ગયા.

'પાક્કો ગુજરાત ન્યૂઝ' સવાલ પૂછે છે કે, આવા લોભી બૂટલેગરો અને લાયસન્સ વગર ફેક્ટરી ચલાવનારાઓને કડકમાં કડક સજા ક્યારે મળશે? ફેક્ટરી માલિકોની સાથે-સાથે આ વિસ્તારમાં તપાસ ન કરનારા જવાબદાર સરકારી બાબુઓ સામે પણ ક્યારે કાયદાકીય એક્શન લેવાશે? આ સમગ્ર કેસની પળેપળની અપડેટ અમે વાચકો સુધી પહોંચાડતા રહીશું.

### 15 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત, આરોપી ફરાર

## કણભા પાસે LCBએ દારૂ ભરેલી લક્ઝુરિયસ કારનો પીછો કર્યો...

અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય LCB ટીમે કણભા વિસ્તારમાં દારૂની મોટી હેરાફેરી ઝડપી પાડી છે. પોલીસે બાતમીના આધારે ભાવડા પાટિયા પાસે સ્ટાર પ્લેટિનિયમ એસ્ટેટમાંથી દારૂ ભરેલી લક્ઝુરિયસ કારનો ફિલ્મી ઢબે પીછો કર્યો હતો. પોલીસને જોઈને બુટલેગર કાર છોડીને ફરાર થઈ ગયો હતો. પોલીસે કારમાંથી 2,508 બોટલ વિદેશી દારૂ, કિંમત 5,45,400 રૂપિયા સહિત કુલ 15,45,400 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.



અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે બાતમીના આધારે કણભા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વિદેશી દારૂની હેરાફેરીનું મોટું નેટવર્ક ઝડપી પાડ્યું છે. LCBની ટીમે ફિલ્મી ઢબે દારૂ ભરેલી એક કારનો પીછો કર્યો હતો, જોકે પોલીસને પાછળ આવતી જોઈ કારનો ચાલક વાહન રસ્તામાં જ મૂકીને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે કારની તલાશી લેતા તેમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ મળી આવ્યો હતો. મળતી માહિતી મુજબ, લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને કણભા વિસ્તારમાં દારૂની મોટી ખેપ મારવામાં આવી હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે પોલીસે કણભા પોલીસ સ્ટેશનની હદમાં ભાવડા પાટીયા પાસે આવેલા સ્ટાર પ્લેટીનિયમ એસ્ટેટમાં દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે લક્ઝુરિયસ કારનો પીછો કર્યો હતો.

પોલીસને જોઈને બુટલેગર કાર મૂકીને ફરાર થઈ ગયો હતો. પોલીસે કારની તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ 2,508 બોટલો મળી આવી હતી. પોલીસે ઘટનાસ્થળેથી ઝડપાયેલા દારૂ અને લક્ઝુરિયસ કાર સહિતનો તમામ સામાન કબજે કર્યો છે. જેમાં વિદેશી દારૂની કિંમત 5,45,400 રૂપિયા સહિત કુલ મુદ્દામાલ 15,45,400 રૂપિયા હતો.

### SG હાઈવે પર સ્પીડનો રોમાંચ બન્યો આફત

## સોલા ઓવરબ્રિજ પર ટાટા ટિયાગો કાર ડિવાઈડર સાથે અથડાઈને પલટી ખાઈ ગઈ!

### સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા સર્જાયો અકસ્માત: કારના કુચ્ચેકુચ્ચા ઊડી ગયા પણ સદનસીબે ચાલકનો આબાદ બચાવ, મોટી જાનહાનિ ટળી

અમદાવાદ

અમદાવાદનો સૌથી વ્યસ્ત અને સ્પીડમાર્ક ગણાતો એસ.જી. હાઈવે ફરી એકવાર અકસ્માતથી ધ્રૂજી ઊઠ્યો છે. એસ.જી. ૧ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સોલા ઓવરબ્રિજ ઉપર એક પૂરપાટ ઝડપે જઈ રહેલી ટાટા ટિયાગો કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતાં કાર જોરદાર ધડાકા સાથે ડિવાઈડર સાથે અથડાઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે કાર રસ્તા પર જ પલટી ખાઈ ગઈ હતી. અકસ્માતને પગલે બ્રિજ પરથી પસાર થતા અન્ય વાહનચાલકોમાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી. મળતી વિગતો અનુસાર, જીજે ૧૧ બીએચ ૩૯૭૭ (GJ 11 BH 3977) નંબરની ટાટા ટિયાગો કાર સોલા ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહી હતી. તે દરમિયાન અચાનક જ ચાલકે ગાડી પરનો કંટ્રોલ ગુમાવી દીધો હતો અને કાર સીધી રોડની વચ્ચે આવેલા ડિવાઈડર સાથે જઈ ભટકાઈ હતી. અકસ્માત બાદ કાર હવામાં ફંગોળાઈને રોડ પર ચત્તીપાટ પલટી ખાઈ ગઈ હતી. કારની હાલત જોઈને એક સમયે એવું લાગતું હતું કે અંદર બેઠેલા લોકોના જીવ બચવા મુશ્કેલ છે, પરંતુ કહેવાય છે ને કે 'રામ રાખે તેને કોણ ચાખે'... આ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી. કાર ચાલકને માત્ર સામાન્ય ઈજાઓ જ પહોંચી છે, જેને ચમત્કારિક બચાવ કહી શકાય. બ્રિજની વચ્ચોવચ કાર પલટી ખાઈ જતાં એસ.જી. હાઈવે પર થોડીવાર માટે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.



ઘટનાની જાણ થતાં જ એસ.જી. ૧ પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સ્થાનિક લોકોની મદદથી ઈજાગ્રસ્ત ચાલકને કારમાંથી બહાર કાઢી પ્રાથમિક સારવાર માટે ખસેડ્યો હતો અને ક્રેનની મદદથી અકસ્માતગ્રસ્ત કારને રોડની બાજુ પર ખસેડી ટ્રાફિક હળવો કરાવ્યો હતો.

## ધંધુકા-રાણપુર ફાટક પાસે દોડતા ડમ્પરમાં આગ : મોડી રાત્રે રેલવે ફાટક નજીક ઘટના

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ધંધુકા-રાણપુર રોડ પર આવેલા રેલવે ફાટક નજીક મોડી રાત્રે એક દોડતા ડમ્પરમાં ભીષણ આગ લાગી હતી. આ ઘટનામાં ડમ્પરના 10 ટાયરો બળીને ખાખ થઈ ગયા હતા. સદનસીબે, કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી.

ચાલુ હાલતમાં જઈ રહેલા ડમ્પરના ટાયરમાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી અને થોડા જ સમયમાં તેણે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

આગ એટલી તીવ્ર હતી કે ડમ્પરને ભારે નુકસાન થયું હતું અને તેના કુલ 10 ટાયરો સંપૂર્ણપણે બળી ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ ધંધુકા ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર ફાઇટરોએ લગભગ એક કલાક સુધી સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. તેમની સમયસરની કાર્યવાહીથી આગ વધુ ફેલાતી અટકી હતી.

પ્રાથમિક તપાસ મુજબ, ડમ્પરના ટાયરમાં ટેક્નિકલ ખામી અથવા વધુ ગરમીના કારણે આગ લાગી હોવાની શક્યતા છે. આ ઘટના અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. સ્થાનિકોએ ધંધુકા ફાયર બ્રિગેડની ઝડપી અને અસરકારક કામગીરીને કારણે મોટી દુર્ઘટના ટળી હોવાનું જણાવ્યું હતું.

### પોલીસની મિલીભગતનો સ્થાનિકોનો સનસનાટીભરો આક્ષેપ!

## વાસણામાં કાયદાના લીરેલીરા : શહેરી આવાસ યોજનામાં દેશી-વિદેશી દારૂની ખુલ્લેઆમ રેલમછેલ

અમદાવાદ


ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ હોય તેવા જીવતા-જાગતા દ્રશ્યો ફરી એકવાર રાજ્યના આર્થિક પાટનગર ગણાતા અમદાવાદ શહેરમાંથી સામે આવ્યા છે. અમદાવાદના વાસણા વિસ્તારમાં આવેલી શહેરી આવાસ યોજના (ભટ્ટાગામ) માં કોઈ પણ પ્રકારના ડર વગર, ખુલ્લેઆમ દેશી તેમજ ભારતીય બનાવટના વિદેશી દારૂનું વેચાણ થઈ રહ્યું હોવાનો મોટો ભાંડો ફૂટ્યો છે. આ ગેરકાયદેસર કાળા કારોબારના પુખ્તા વિડિયો પુરાવા સામે આવતા જ સમગ્ર વિસ્તારમાં અને પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે.

આ મામલે સ્થાનિક રહીશોએ જે આક્ષેપો કર્યા છે તે સાંભળીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર સવાલો ઊભા થાય છે. સ્થાનિકોનો સીધો અને ગંભીર આક્ષેપ છે કે આ નશો વેચવાનો ગોરખધંધો કોઈ આજકાલનો નથી, પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી નિર્ભયપણે ચાલી રહ્યો છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે વાસણા પોલીસ સ્ટેશનના સ્ટાફને આ કાળા બજારની પળેપળની માહિતી છે. સ્થાનિકોએ આક્રોશ સાથે જણાવ્યું કે, વાસણા પોલીસ સ્ટેશનના સ્ટાફ અને તેમના કહેવાતા 'વહીવટદારો' અહીં અવારનવાર ચક્કર લગાવે છે અને નિયમિતપણે પૈસાનું 'ભરણ' (હપ્તો) ઉઘરાવીને જાય છે. આ ગેરકાયદેસર વેપાર ચલાવવાની લીલી ઝંડી ખુદ પોલીસના જ માણસોએ આપી હોવાના ગંભીર આરોપો લાગ્યા છે.

આવાસ યોજના જેવા રહેણાંક વિસ્તારમાં ખુલ્લેઆમ ચાલતા દારૂના અડ્ડાઓને કારણે સ્થાનિક પરિવારો, મહિલાઓ અને બાળકોની સુરક્ષા જોખમાઈ છે. અસામાજિક તત્વોના જમાવડાને લીધે સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જનતા બૂમો પાડી રહી છે પણ હપ્તાખોરીની ચાદર ઓઢીને બેઠેલી પોલીસને જાણે કશું દેખાતું જ ન હોય તેમ વર્તી રહી છે.

સોશિયલ મીડિયા અને સ્થાનિક સ્તરે આ દારૂના વેચાણના વિડીયો પુરાવા તરીકે ફરતા થયા છે, જેમાં બૂટલેગરોની દાદાગીરી અને ખુલ્લેઆમ ચાલતો વેપલો સ્પષ્ટ જોઈ શકાય છે. હવે જનતા સો ટકા સણસણતો સવાલ પૂછી રહી છે કે, આટલા પાકા અને પુખ્તા પુરાવા સામે આવ્યા બાદ પણ વાસણા પોલીસ સ્ટેશનના જવાબદાર ઉચ્ચ અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં જ સૂતા રહેશે કે પછી આ બેફામ બનેલા બૂટલેગરો અને તેમને છાવરતા પોતાના જ વહીવટદારો સામે કાયદેસરના કોરડા વીંઝશે? પાક્કો ગુજરાત ન્યૂઝ આ સમગ્ર મામલે પોલીસની આગામી કાર્યવાહી પર આકરી નજર રાખશે.

## અમદાવાદના બાવળામાં ખાણ ખનિજ વિભાગે એક જ દિવસમાં 4.65 કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો



અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ખાણ ખનિજ વિભાગ દ્વારા ગેરકાયદે ખનન અને ખનિજ ચોરીની પ્રવૃત્તિઓ પર કડક સપાટો બોલાવવામાં આવ્યો છે. તંત્રની ટીમે બાવળા અને તેની આસપાસના વિસ્તારોમાં આકસ્મિક દરોડા પાડીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા તત્વો સામે લાલઆંખ કરી છે. આ સ્પેશિયલ ડ્રાઇવ દરમિયાન અધિકારીઓએ અંદાજે રૂપિયા 4.65 કરોડની કિંમતની મિલકતો અને વાહનો સીઝ કરતા ખનિજ ચોરોમાં ભારે ફફડાટ મચી ગયો છે.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, અધિકારીઓની ટીમે બાતમીના આધારે અમદાવાદના મુખ્ય માર્ગો અને હાઈવે પર વોચ ગોઠવી હતી. આ ઓપરેશન દરમિયાન બાવળા-ચાંગોદર હાઈવે પરથી કોઈપણ પ્રકારની પાસ-પરમિટ વિના સાદી રેતી લઈ જતા 4 ડમ્પરોને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. આ સાથે રેથલ ગામ વિસ્તારમાંથી બ્લેકટ્રેપ ખનિજ ભરેલું એક ઓવરલોડ ડમ્પર પકડી પાડવામાં આવ્યું હતું. અમદાવાદ રિંગ રોડ પરથી પણ ગેરકાયદેસર રીતે સાદી રેતીનું વહન કરતું વધુ એક ડમ્પર તંત્રની ઝપટે ચઢ્યું હતું.

ખનિજ વિભાગ દ્વારા નાનોદરા ગામમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. અહીં બિનઅધિકૃત રીતે ચાલી રહેલા ખનન અને રેતી ચાળવાના 7 મોટા પ્લાન્ટ્સને તંત્ર દ્વારા જપ્ત કરી લેવામાં આવ્યા છે.

ખાણ ખનિજ વિભાગે ઝડપાયેલા તમામ 6 ડમ્પરો અને સાતેય પ્લાન્ટ્સને સ્થળ પર જ સીઝ કરીને આગળની કાયદાકીય તપાસ શરૂ કરી હતી.

### મેયર સહિતના મહાનુભાવોએ આપ્યો તંદુરસ્તીનો સંદેશ!

## અમદાવાદમાં 'ફિટ ઈન્ડિયા મિશન' અંતર્ગત યોજાયો ભવ્ય સાઇકલિંગ કાર્યક્રમ

- **તંદુરસ્ત અને સશક્ત ભારતના સંકલ્પ સાથે ઉમટી પડ્યા અમદાવાદીઓ**
- **હેલ્ધી લાઈફસ્ટાઈલ અને પર્યાવરણની સુરક્ષા માટે જનઆંદોલન બન્યું 'ફિટ ઈન્ડિયા**




અમદાવાદ

'સ્વસ્થ શરીર એ જ સૌથી મોટું સુખ છે' એ વાતને સાર્થક કરવા માટે અમદાવાદ શહેરમાં 'ફિટ ઈન્ડિયા મિશન' અંતર્ગત એક શાનદાર સાઇકલિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શહેરીજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને આવનારી પેઢીને એક તંદુરસ્ત તેમજ પ્રદૂષણમુક્ત ભારત આપવાનો મજબૂત સંકલ્પ કર્યો હતો. આ સાઇકલિંગ ઈવેન્ટનો મુખ્ય હેતુ લોકોમાં રોજિંદા જીવનમાં શારીરિક વ્યાયામનું મહત્વ વધારવાનો અને પર્યાવરણ પ્રત્યે પોતાની જવાબદારી નિભાવવાનો હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના સૌજન્યથી યોજાયેલા આ ખાસ જનજાગૃતિ કાર્યક્રમમાં અમદાવાદના મેયર હિતેશ બારોટ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ પોતે સાઇકલિંગ કરીને શહેરીજનોનો ઉત્સાહ બમણો કર્યો હતો. મેયર હિતેશ બારોટે આ પ્રસંગે જણાવ્યું હતું કે, આજના આધુનિક યુગમાં સ્વસ્થ જીવનશૈલી અપનાવવી ખૂબ જ જરૂરી છે અને સાઇકલિંગ તેના માટે શ્રેષ્ઠ માધ્યમ છે. જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે પણ લોકોને આ મોહિત કરનારા 'ફિટ ઈન્ડિયા' ના જનઆંદોલનમાં જોડાવા હાકલ કરી હતી. સવારના ખુશનુમા વાતાવરણમાં યોજાયેલી આ સાઇકલ રેલીમાં 'સ્વસ્થતા એ જ સાચી સંપત્તિ છે' ના નારા ગૂંજ્યા હતા.

## સોલાના બેબીલોન ક્લબના બેડમિન્ટન કોચે 13 વર્ષની સગીરા સાથે આચર્યું દુષ્કર્મ, ઈન્સ્ટા પર બિભત્સ મેસેજ કર્યા


આરોપી

અમદાવાદ

અમદાવાદના સોલા સાયન્સ સિટી રોડ પર બેબીલોન ક્લબમાં 13 વર્ષીય સગીરા સાથે દુષ્કર્મનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.

ટેનિસ કોચ નિસર્ગ પંડ્યાએ સગીરાને કારમાં મૂકવા-લેવા જતા શારીરિક અડપલાં કરી, ઈન્સ્ટાગ્રામ પર બિભત્સ મેસેજ મોકલ્યા હતા. 6 જૂને ક્લબના વોશરૂમ પાસે દુષ્કર્મ આચર્યું હતું. સગીરાના પિતાની ફરિયાદના આધારે સોલા પોલીસે આરોપી નિસર્ગ પંડ્યાની ધરપકડ કરી જેલ હવાલે કર્યો છે.

અમદાવાદના સોલા સાયન્સ સિટી રોડ પર આવેલી બેબીલોન ક્લબમાં આવેલી બેડમિન્ટન કોર્ટમાં ટેનીસ શીખવા આવતી સગીરા સાથે નિસર્ગ પંડ્યા નામના ટેનિસ કોચ દ્વારા શારીરિક અડપલા તેમજ દુષ્કર્મ કરવામાં આવ્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સોલા પોલીસે સગીરાના પિતાની ફરિયાદને આધારે આરોપી નિસર્ગ પંડ્યાની ધરપકડ કરીને તેની જેલ હવાલે કરીને કાર્યવાહી કરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ટેનિસ કોચ સગીરાને લેવા મુકવા માટે જતો હતો. પોલીસે આ અંગે તપાસ શરૂ કરીને જરૂરી પુરાવા એકત્ર કર્યા છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI